॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ નમ્રતા તારે, અહંતા ડૂબાડે ॥

ચીનમાં કન્ફ્યુસિયસ નામના એક મોટા દાર્શનિક થયા. એમના જીવનનો એક પ્રસંગ છે. તેઓ નેવું વર્ષની ઉંમરે પણ તંદુરસ્ત હતા. એક દિવસ એક યુવાન એમને મળવા આવ્યો. એણે એમની એવી તંદુરસ્તીનું રહસ્ય શું છે તે જાણવા ચાહ્યું. કન્ફ્યુસિયસે તેને નજીક બોલાવી, પોતાનું મોઢું ખોલીને કહ્યું; 'મારા મોઢામાં જુઓ.' એમાં દાંત છે ? તો એ વ્યક્તિ કહ્યું; 'આપના મોઢામાં તો એક પણ દાંત નથી.' કન્ફ્યુસિયસે કહ્યું; 'અંદર જીભ છે ?' યુવકે કહ્યું; 'જીભ તો છે.' કન્ફ્યુસિયસ બોલ્યા. ભાઈ, જીભ તો જન્મતાંથી સાથે જ આવે છે અને દાંત તો પાછળથી આવ્યા. પણ ગયા પહેલા ! અને જે પહેલાંથી હતી, તે હજી છે. કારણ દાંત કઠણ હોય છે. જે કોઈ એના સંપર્કમાં આવે તેને તોડવાની કોશિશ કરે છે. જે બીજાને તોડવાની કોશિશ કરે તે પોતે જ ટૂટી જાય છે. જ્યારે જીભ લવચીક છે. એ નમે છે, વળે છે. જે વળી જાય છે એ લાંબું જીવે છે.

માનવીમાં નમ્રતા જરૂરી છે. શરીરની પણ એવી સ્થિતિ હોવી જોઈએ. એ નમવું જોઈએ, વળવું જોઈએ. અકડાવું ન જોઈએ, કઠણ ન હોવું જોઈએ. એટલે જ કહ્યું છે : 'તરને કો આધિનતા' તરી જવું હોય તો નમ્રતા હોવી જોઈએ. ડૂબી જવા અભિમાન, ઘમંડ, હું શ્રેષ્ઠ છું એ ભાવ ! આ અહંકાર તોડી નાખે. એટલે માનવીએ અહંકારનો ત્યાગ કરવો જોઈએ. એ ન જાય ત્યાં સુધી પરમાત્માનું દર્શન પણ નથી થતું. 'કહે કબીર ખોજે આસમાન વો ન મિલા, જો ના જાય અભિમાના.'

**—એક બોધકથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ આ અંકની વિશેષતા ॥

### ॥ વિશ્વના એક અસાધારણ મહામાનવનું દુર્લભ દર્શન ॥
### (કર્પૂરવનમાં સદાયે મહેકતી એ ઈતિહાસની શાશ્વતી)

### ॥ સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ ॥

"એ વાત સાચી છે કે શિષ્યને શિખરે પહોંચાડે નહિ ત્યાં લગી ગુરુને આરામ નથી. પણ એમાં શિષ્યના સહકારની પણ એટલી જ જરૂર રહે છે. શિષ્યમાં અભીપ્સા, નિષ્ઠા અને સમર્પણનો સંકલ્પ જોઈએ. ગુરુ વિના ચેતનાનું પરિવર્તન અશક્ય છે; પણ ગુરુની સહાય મળતાં આ કામ આનંદદાયક થઈ જાય છે. શિષ્યનો ગુરુ પ્રત્યેનો પ્રેમ રસ્તામાં આવતાં તમામ વિઘ્નોને બાળીને ભસ્મ કરી નાખે છે. આ પ્રેમાગ્નિમાં અહંકારનો કોલસો બળીને સમર્પણનું ઝળહળતું માણેક બની જાય છે."

**—શ્રીદિલીપકુમાર રૉય**



# અનુક્રમ


નિવેદન ૫

૧. શ્રીયોગેશ્વરકથામૃત — શ્રી'મા' સર્વેશ્વરી ૬

૨. કર્પૂરવનમાં મહાન સંતવિભૂતિનું શુભાગમન — સંકલન ૭

૩. પૂજ્ય શ્રીયોગેશ્વરજીનો કૃપાપ્રસાદ — પૂ.શ્રીના હસ્તાક્ષર ૧૬

૪. પૂજ્ય શ્રીયોગેશ્વરજીની અમીનજર — પૂ.શ્રીના હસ્તાક્ષર ૧૭

૫. શ્રીશારદાબેનની અંતિમ વિદાય — શ્રી'મા' સર્વેશ્વરી ૧૮

૬. શ્રીશારદાબેનની વિશેષ સ્મૃતિ — " ૧૯

૭. મોટીબેનના નિઃસ્વાર્થ પ્રેમનાં સંસ્મરણો — " ૨૧

૮. શ્રીશારદાબેન : એક અવિસ્મરણીય વ્યક્તિત્વ — " ૨૪

૯. વિશેષતાને વંદન — " ૩૩

૧૦. પ્રેમલક્ષણા ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ : શ્રીશારદાબેન — શ્રીસુશીલાબેન ભક્ત ૩૬

૧૧. શ્રીશારદાફોઈ : અનેક વિશેષતાઓથી વિભૂષિત વ્યક્તિત્વ — શ્રીદમયંતી, શ્રીજયુ ૪૧

૧૨. શ્રીશારદાબેનના જીવનની થોડી વાતો — શ્રીહસુભાઈ ભક્ત ૪૩

૧૩. વિવિધ સ્મરણો : વિવિધ સ્વજનોનાં — સંકલન ૪૫

૧૪. મારાં બા : શારદાબેન — શ્રીજગદીપ—નયના ભક્ત ૪૮

૧૫. Once in a life time moment — શ્રીવિવેક દવે ૫૪

## નિવેદન : 'જ્યાં રોપાયાં છો ત્યાં ખીલો-વિકસો.'

તા.૨૧ એપ્રિલ પૂર્ણ શાન્તિથી, સહજભાવે અંતિમ શ્વાસની પળને વધાવી લેનાર શ્રી શારદાબેન ભક્તની ૯૨ વર્ષની દીર્ઘ આયુષ્યયાત્રાને સાર્થકતાની દિશા ચીંધનારા, પરમ સદ્‌ગુરુદેવ શ્રીયોગેશ્વરજીની કૃપા અને પૂ.શ્રી 'મા'નો સ્નેહ આજીવન તેમના 'જીવનાધાર' બની રહ્યાં.

નિમિત્ત બન્યો તેમનો સદ્‌ગુરુ પ્રત્યેનો ઉત્તમ યજમાનભાવ. અલબત્ત, આ ભાવ સંકીર્ણ ન રહેતાં, જે જે તેમના સંપર્કમાં આવ્યાં તે સર્વ તરફ સતત વિવિધરૂપે એવો વહેતો રહ્યો કે, કબીરજી કહે છે તેમ;

'ગુરુસેવા જનબંદગી હરિસુમિરન વૈરાગ
એ ચારોં જબ મિલે પુરન હોવે ભાગ.'

તેમનું જીવન એવું ધન્ય બન્યું કે ભૌતિક રીતે સંપન્ન વૈભવી જીવનને સમાંતરે પ્રભુપ્રેમનો અંતઃસ્રોત આઠે પ્રહર છલકતો રહ્યો. એની છાલકોથી એમનો પરિવાર પણ ભીંજાતો રહ્યો, પ્રક્ષાલિત થતો રહ્યો.

આમ, કર્પૂરવનની એક ગૃહિણીએ સહજ બજાવેલા ભાવભીના આતિથ્યધર્મથી સદ્‌ગુરુએ પ્રસન્ન થઈ, જાણે જીવનનું ઉમદા લક્ષ્ય એવું પકડાવી દીધું કે, સમગ્ર જીવન એમને માટે સહજ લીલામય બન્યું. પછી તો શ્રદ્ધા-ભક્તિનું એવું રસાયણ સિદ્ધ કર્યું કે, સમસ્ત જીવન ઉત્સવ બની ગયું.

આયુષ્યનાં શેષ વર્ષો અમેરિકાના એક ખૂણામાં પાઠ-પારાયણ-ભજન-પ્રાર્થના-સત્કર્મમાં રત રહેનારાં શ્રી શારદાબેનના જીવનમાં 'સહજ કર્મની સુગંધ' એવી પ્રસરી કે એમણે એ સિદ્ધ કરી આપ્યું કે; 'એકવાર નમ્ર બની. શરણાગતિ સ્વીકારી, પ્રેમ પ્રસારતાં શીખી જઈએ અને પૂ.શ્રી'મા'નાં સ્નેહભાજન બની રહીએ તો પછી બીજો કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી.' 'જ્યાં જે ભૂમિકામાં હશો ત્યાં દીપી ઊઠશો. જીવન ધન્ય બની જશે.'



# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૫

### તા. ૧૧-૩-૮૩, શુક્રવાર, ફાગણ વદ બારસ સં. ૨૦૩૯

### ડરબન શહેર

આજે પણ દરરોજની જેમ જ ક્રમ રહ્યો. ભોજન ખીચડી, કઢી, શાકનું બનાવી લીધું. સાડા બાર વાગ્યે ભોજન અમારા ઓરડામાં લઈ લીધું. પૂ.શ્રીએ બહાર બેથી ત્રણ આંટા માર્યા.

તાજેતરમાં જ બહાર પડેલી ગાંધીજીની અંગ્રેજી ફિલ્મની વિડીઓ કેસેટ શ્રી રતિભાઈએ મેળવી હતી.

આજે દોઢ વાગ્યાથી લગભગ સાડાચાર સુધી તે ફિલ્મ જોવા માટે અમે બેઠકખંડમાં બેઠાં. પૂ.શ્રી પાસે ચશ્માં છે, પણ તેનો ઉપયોગ એકાદ-બે મિનિટ માટે શોખ ખાતર જ કરે છે. પણ આજે પૂ.શ્રીએ પ્રથમવાર જ લગભગ ત્રણ કલાક સુધી ચશ્માંનો ઉપયોગ કર્યો.

'ગાંધી' ફિલ્મમાં કોઈ પાત્રનો ચહેરો મૂળ પાત્ર સાથે મળતો આવતો નથી. પૂ.શ્રીએ એ અંગે ઘણી ટકોર કરી. આ ફિલ્મમાં ઈતિહાસ રજૂ કર્યો છે પણ સરદાર પટેલને ખાસ રજૂ કર્યા નથી. દક્ષિણ આફ્રિકાની પ્રવૃત્તિ, જલિયાનવાલા બાગ- જેવા એકાદ-બે પ્રસંગો સારા ઝડપ્યા છે. પૂ.શ્રીએ આ બધી વાતો રજૂ કરી.

'ગાંધી' ફિલ્મ જોયા પછી પૂ.શ્રીએ કહ્યું: ગાંધીજીએ દેશ માટે ઘણું સહન કર્યું પણ એનું પરિણામ બહુ ઉજ્જવળ ન જ આવ્યું.

સાડા ચાર વાગ્યા પછી પૂ.શ્રી એક કલાક સંપૂર્ણ આરામ કરે છે.

સાડા છ વાગ્યે શહેરમાં જવાનું છે. સાત વાગ્યે સમૂહધ્યાનનો કાર્યક્રમ રખાયો છે. આજે સમૂહધ્યાનનો બીજો દિવસ થશે.

ધ્યાનની બેઠકમાં આજે પણ સારી હાજરી હતી.

સમૂહધ્યાન બાદ દરરોજની જેમ ભારત હૉલમાં પ્રવચન થયું.

પ્રવચન પહેલાં, તાં. ૧૫-૩-૮૩ના રોજ એક અંગ્રેજી પ્રવચન આપવા પૂ.શ્રીને વિનંતિ કરવામાં આવી. પરિણામે, પ્રવચન નક્કી થયું.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

હરિઃ ૐ

**–શ્રી'મા' સર્વેશ્વરી**

## ॥ કર્પૂરવનમાં મહાન સંતવિભૂતિનું શુભાગમન ॥

**(પરમાર્થીનો શુભસંકલ્પ ફળ્યો)**

["'પ્રકાશના પંથે'ના વાંચન પછી શ્રી પરમાર્થીએ સંકલ્પ કર્યો કે સુરત જિલ્લાના ભક્તસમાજને પૂજ્યશ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોનો લાભ આપીએ. તેથી પૂજ્યશ્રીને નડિયાદ રૂબરૂ આમંત્રણ આપવા ગયા. 'મા' પણ સાથે હતાં. પરમાર્થીના સંકલ્પથી-પ્રાર્થનાથી-આગ્રહથી પૂજ્યશ્રીએ હા પાડી. 'મા'ને તો વિચાર પણ નહોતો આવ્યો, કલ્પના પણ ન હતી. હિંમત પણ નહીં આવી મહાન વિભૂતિને આવી રીતે આમંત્રી શકાય ??"]

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

શ્રીરામકબીર ભક્તસમાજે પણ એક પત્રિકા તૈયાર કરી હતી. જેમાં પૂ.શ્રીના ચાર દિવસના આધ્યાત્મિક વાર્તાલાપના કાર્યક્રમની રૂપરેખા તથા પૂ.શ્રીનો પરિચય પ્રસિદ્ધ કરાયો હતો. શ્રી ઈશ્વરભાઈએ એ પત્રિકામાં પૂ.શ્રીનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો. આ રહી તે પત્રિકા. જેમાં ચાર વિભાગના ચાર મુખ્ય સ્થળોમાં ક્યાં ક્યારે કાર્યક્રમ છે તેની વિગત વાંચવા મળે છે.

**'કલયુગમેં એક નામ હૈ, દુજા સરૂપ હૈ સંત,**
**સાચે મનસે સેવિયે, તો મિટે કરમ અનંત'**

**—કબીર**

**શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ દ્વારા સંયોજિત**
**પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ**

પ્રમુખ
શ્રી ગોકળભાઈ ભક્તિભાઈ ભક્ત

ટ્રસ્ટીઓ : મંત્રીઓ :
શ્રી ભીખાભાઈ રણછોડજી ભક્ત શ્રી લલ્લુભાઈ પ્રભુભાઈ ભક્ત

સાંસ્કૃતિકમંત્રી
શ્રી ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત



"શ્રી યોગેશ્વરજીના જ્યોતિર્મય જીવનનો હું વરસોથી સાક્ષી રહ્યો છું. મેં ગુજરાતની પુણ્યભૂમિના એમના સાબરમતી તટ પરના નાનકડા જન્મસ્થળને જોયું છે. એમણે જ્યાં રહીને કઠોર તપ કરેલું તે દેવપ્રયાગ (હિમાલય)ના એમના એકાંત આશ્રમને પણ જોયો છે. એમના સાધનામય જીવનનો પરિચય મેં પ્રાપ્ત કર્યો છે. એમના ઉપવાસોને નિહાળવાનું સૌભાગ્ય પણ મેળવ્યું છે. અને અત્ર બધા પરથી મારી પ્રતીતિ થઈ છે કે એ જીવન મુક્ત મહામાનવ આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમ્યાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે, પરંતુ યોગેશ્વરજી જેવા સાચા, સંપૂર્ણ, સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. યોગેશ્વરજી જુદા જ તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન, અને સંસ્કૃતિના અનુવાદરૂપ છે...એમના જેવા મહાપુરુષનું દર્શન યુગો પછી કોઈવાર થઈ શકે છે, તથા યુગો સુધી પ્રેરણા પ્રદાન કરનારું થઈ પડે છે."

**—સ્વામી બ્રહ્મરૂપાનંદ**

**(રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત તથા વિદ્વાન સંન્યાસી)**

• જેમણે ૧૯૪૧ થી૧૯૬૦ સુધી કઠિન તપશ્ચર્યા કરી આત્મસાક્ષાત્કારની પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

• જેમની દૃષ્ટિ શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીશંકર ઈત્યાદિ ભગવત્ સ્વરૂપોના દિવ્યદર્શનથી નિત્ય અભિભૂત થયેલી છે.

• જેઓ નારદ, હનુમાન, જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ, રમણ મહર્ષિ જેવા મહાપુરુષોનાં દર્શન કરી તેઓ સહુની અનન્ય કૃપાને પામ્યો છે.

• જેમણે ૮૦ કરતાં પણ વધુ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં પુસ્તકોનું સર્જન કર્યું છે.

• જેમણે આ વર્ષે ઈંગ્લૅન્ડ જઈ ૧૩૦ કેન્દ્રોમાં આધ્યાત્મિક પ્રવચનો કરવાની સેવા આપી છે.

• જેઓ ભારત રાષ્ટ્રના હિતચિંતક અને પરમ ગાંધીભક્ત છે.

• તેઓ પરમપિતા પરમેશ્વરની કૃપાથી આપણા વિભાગમાં પાછળ જણાવ્યા પ્રમાણેના કાર્યક્રમ અનુસાર પધારી રહ્યા છે. તો સર્વ ભક્તજનોને તેમનો શક્ય એટલો લાભ લેવા હૃદયપૂર્વકની વિનંતી કરવામાં આવે છે.

**તા.૨૭-૩-૭૮ બપોરે ૧-૨૫ થી ૨-૩૦ સ્થળ : વાવ**

વાવ, સુરત, નનસાડ, ઓરણા, દીગસ, નેત્રંગ, સામપુરા વગેરે ગામોના લાભાર્થે વાવ મુકામે શ્રી ગોકળભાઈ ભક્તિભાઈ ભક્તના ઘરમાં.

**તા.૨-૩-૭૮ બપોરે ૧-૨૫ થી ૨-૩૦ સ્થળ : આસુંદર**

ઘામણ, આસુંદર, સરઈ, પડઘા, તરસાડી, સીસોદ્રા, પથરાડીઆ વગેરે ગામોના લાભાર્થે આસુંદર મુકામે શ્રી મકનભાઈ તુલસીભાઈ ભક્તના મકાનમાં.

**તા.૨૯-૩-૭૮ બપોરે ૨-૦૦ થી ૩-૩૦ સ્થળ : બાજીપુરા**

વાલોડ, વ્યારા, વાંસદા વિભાગના ગામોના લાભાર્થે બાજીપુરા મુકામે સાર્વજનિક હૉલમાં.

**તા.૩૦-૩-૭૮ બપોરે ૨-૦૦ થી ૩-૩૦ સ્થળ : કબીરગામ**

રાજ વિભાગના ગામોના લાભાર્થે કબીરગામ મુકામે.

**ચારે ચાર દિવસ રાત્રે ૭ થી ૮ કપૂરા મુકામે સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.**

શ્રીરામકબીર ભક્તસમાજ સૂરત, ભરૂચ, વલસાડ જિલ્લાના જુદા જુદા ગામોમાં વસ્યો છે. સૌને લાભ મળે તે હેતુથી ચાર સ્થળોમાં કાર્યક્રમ ગોઠવાયો. શ્રી ઈશ્વરભાઈ ભક્તે, શ્રી રામકબીર ભક્ત



સમાજના કાર્યકર્તાઓનો પણ સહકાર લીધો. ભક્તસમાજ સદ્‌ગુરુ શ્રી કબીરસાહેબનાં શ્રીચરણોનો ઉપાસક છે. પૂ.શ્રી આ પ્રવચનો કદાચ શ્રી કબીરજી તથા તેમના સાહિત્ય ઉપર જ આપશે એવું અનુમાન હતું.

સાધના વિદ્યાભવનનો કાર્યક્રમ પૂર્ણ થયો અને તા.૨૭, ૨૮, ૨૯, ૩૦નો ગ્રામપ્રવાસ પ્રારંભ પામ્યો.

સુરતથી જ શ્રી ઈશ્વરભાઈ આ આધ્યાત્મિક પ્રવાસમાં જોડાઈ ગયા. તા.૨૭મીએ બપોરે સુરતથી પ્રસ્થાન કર્યું.

સમયસર ભક્ત સમાજનો પ્રથમ કાર્યક્રમ વાવ ગામમાં થયો પણ ખરો. શ્રી રામકબીર ભક્ત સમાજના આગેવાન ટ્રસ્ટીઓની સાથે શ્રી ઈશ્વરભાઈએ પૂ.શ્રીનો પરિચય પણ કરાવ્યો. એ ગામમાં આસપાસના સાત-આઠ ગામના લોકોએ પ્રવચનનો લાભ લીધો.

શ્રોતાઓ પૈકી જ્યાં બેનો હતાં ત્યાં અમે પણ બેસી ગયા. સામે પૂ.શ્રીની જ બેઠક હતી. જેથી પ્રવચન શ્રવણ અને દર્શનનો અલૌકિક લાભ સહજ રીતે મળ્યા કરતો હતો.

જીવના અંધકારમય અંતર ઉપર પોતાના પુનિત પગલાં પાડી પ્રકાશ પાથર્યો. જનની બની જેમણે સત્સંગ પીયૂષપાન કરાવ્યું. પૃથ્વી ઉપર પરબ્રહ્મનું સ્વરૂપ ધારી જેમણે અમારી કાયાપલટ કરવાનો પુરુષાર્થ આદર્યો તે પરબ્રહ્મ પરમાત્મા શ્રી સદ્‌ગુરુનો વેશ ધરી, શ્રી યોગેશ્વરનું નામ ધારી આજે અમારી જન્મભૂમિ કપૂરામાં પધારી રહ્યા છે. તેનો અંતરે અપાર આનંદ હતો.

કપૂરામાં સઘળી તૈયારી થઈ ગઈ હતી. શ્રી શારદાબેન તથા શ્રી રમેશચંદ્રના આંગણે અતિથિ તરીકે એક અલૌકિક પ્રતિભા પધારશે એનો સૌને આનંદ હતો.

અમારા જીવનના પ્રભુમય વળાંકના યશભાગી તરીકે તથા

અમારી પાસેથી સાંભળેલી સંતકૃપાની વાતોથી, તથા પૂ.શ્રીના એકાદ પ્રવચનથી કપૂરાના યજમાન શ્રી શારદાબેન તથા શ્રી રમેશચંદ્રે અનુમાનથી આ સંતપુરુષનો પરિચય મેળવેલો. પ્રત્યક્ષ તો હવે થશે. અમારા જીવનને ઝીણવટથી, જાગૃતિપૂર્વક જોનારા એ સ્વજનોને એટલો તો વિશ્વાસ હતો જ કે અમે જેમને સદ્‌ગુરુરૂપે સ્થાપ્યા તે કોઈ સાધારણ તો ના જ હોય. વળી શ્રી ઈશ્વરભાઈ જેવા જ્ઞાનીપુરુષ પણ જેને સંતવિભૂતિ તરીકે વધાવે તે જરૂર કોઈ સમર્થ પુરુષ હોવા જોઈએ.

અમારા અને શ્રી ઈશ્વરભાઈના વિશ્વાસે એમને ત્યાં સંતસેવાની સુવર્ણ તક સામેથી પ્રાપ્ત થઈ. દેવોને પણ ઈર્ષ્યા આવે એવું એમનું ભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠશે.

સંતને વધાવવા, સન્માનવા એમણે પોતાની રીતે સઘળી તૈયારી કરી લીધી હતી. કોઈના પણ માર્ગદર્શન વિના જાણે પેલી સંતવિભૂતિએ જ પ્રેરણા કરીને પોતાની સર્વપ્રકારે અનુકૂળ તૈયારી કરાવી લીધી.

જીવનમાં પ્રથમવાર સંતપુરુષના યજમાન બનવાનો એમના અંતરે આનંદ અને ઉત્સાહ હતો.

સંત વિનોબા ભાવે ૧૯૬૦-૬૧માં કપૂરા પધારેલા. સવારે ૭ વાગ્યે પદયાત્રા કરતાં કરતાં પધારશે એવી સૌને ખબર હતી. છતાં મળસ્કે ચાર વાગ્યાથી કપૂરાની બેનો પ્રભાતિયાં ગાવા લાગી. ભાઈઓ સંતના આગમનને વધાવવા માટે બેઠક, પાથરણાંની તૈયારી કરવા લાગ્યા.

અમારા પિતાજીનો ઉત્સાહ માતો ન હતો. અમારા જ ઘરમાંથી લોખંડનો કોચ, ચાદર ને ગાદલું ગામના વડ નીચે મુકાયાં હતાં, જ્યાં એ સંતપુરુષ બિરાજીને ભૂમિદાન માટે પ્રવચન આપવાના હતા. સ્વાગતમાં સુતરની આંટીઓ તૈયાર કરી દીધી હતી.



કપૂરાના ભાઈ-બેનોએ સંતના આગમનને વધાવી લીધું. અમારા પિતાજીએ ચોર્યાસી વિઘાં જમીન ભૂમિદાનમાં સંતશ્રી વિનોબાભાવેને અર્પણ કરી. ગામના અન્ય ભાઈઓએ પણ ભૂમિદાનમાં યથાશક્તિ ફાળો નોંધાવ્યો. અમે માધ્યમિક અભ્યાસ કરતાં ત્યારે એ દ્રશ્ય જોયેલું.

ગાંધીજી, શ્રી રવિશંકર મહારાજ જેવા પ્રસિદ્ધ સંતો પણ કપૂરામાં પધાર્યા હતા. ગ્રામજનોને સંત એટલે કોણ એવું સમજાવવાની જરૂર ન હતી. સંતદર્શનથી ટેવાયેલા હતા. છતાં આજે સૌના અંતરે એક જિજ્ઞાસા હતી. પૂ.શ્રી એ સૌ માટે તદ્દન અપરિચિત જેવા હતા. સૌ સંતઆગમને એક બનીને સ્વાગતમાં સામેલ થવાના હતા. નાનાં બાળકો પણ પોતાના હાથમાં ફૂલો કે ફૂલહાર લઈને તૈયાર થઈ ગયાં હતાં. બેનો પોતાના ગૃહકાર્યમાંથી ઝડપથી નિવૃત્ત થઈ ગઈ હતી. સૌ ગ્રામ્યજનો ગામના પાદરે ભેગા મળ્યા હતા. સૌની દૃષ્ટિ દૂર દૂર વ્યારા તરફથી આવતા માર્ગ ઉપર મંડાયેલી હતી.

પ્રથમવાર જ આજે પૂ.શ્રીનું સૌ દર્શન કરશે. 'પ્રકાશના પંથે' ગામમાં ભાગ્યે જ એકાદ-બે વ્યક્તિએ વાંચી હશે. શ્રી ઈશ્વરભાઈ પાસેથી સાંભળેલી વાતોથી તે કેવા હશે એવી સૌના હૈયે ઉત્સુકતા હતી.

તા.૨૭/૩/૭૮, સોમવાર, બપોરે ચાર વાગ્યે કપૂરાની ધરતી ઉપર પૂ.શ્રી ગુરુદેવે પુનિત પગલાં પાડયા, સૌ ગ્રામવાસીઓએ પાદરે આવેલા નાનકડા પૂલ ઉપર સ્વાગત કર્યું.

બેનો, બાળકોએ પણ ફૂલડે વધાવ્યા. બેનો તો સંત-આગમનને વધાવતાં પદો ગાઈ રહી હતી.

**સંત પધાર્યા સજની રે**
**આનંદની હેલી**

પૂ.શ્રી ગાડીમાંથી ઊતરી ગયા. સૌનું સન્માન સ્વીકારી એ માર્ગ ઉપર પુનિત પગલાં ભક્તો સાથે ભરવા લાગ્યા.

શ્રી શારદાબેન શ્રીરમેશચંદ્રે એમના ઘરના ઉંબરે પૂ.શ્રીને ચંદનતિલક કરી પુષ્પમાળા અર્પણ કરી પ્રણામ કર્યા. ત્યારે સૌ બેનો પોતાનો આનંદ પદમાં વ્યક્ત કરી રહ્યાં હતાં :

**સખી, આજની ઘડી તે રળિયામણી**
**હાંરે મારા વ્હાલા આવ્યાની વધામણી હો જીરે. આજની..**
**સખી તરિયાં તોરણ તે બંધાવીયા,**
**હાંરે મારા વ્હાલાજીને મોતીડે વધાવીયા જીરે. આજની..**
**જીરે કંકુ કેસરની ગાર કરાવી મેં**
**હાંરે ઝીણી કસ્તુરીની ચોકરી પડાવીએ જીરે. આજની..**
**જીરે લીલા-પીળા તે વાંસ ચઢાવીયે**
**હાંરે મારા વ્હાલાનો મંડપ રચાવીએ જીરે. આજની..**
**જીરે પૂર્યો પૂર્યો સોહાગણ સાથિયો**
**હાંરે વ્હાલો આવે મલપતો હાથિયો જીરે. આજની..**
**જીરે ગંગાજમનાનાં નીર મંગાવીએ**
**હાંરે મારા વ્હાલાના ચરણ પખાળીએ જીરે. આજની..**
**જીરે તન મન ધન ઓવારીએ**
**હાંરે મારા વ્હાલાજીની આરતી ઉતારીએ જીરે. આજની..**
**જીરે આજ રસ વાધ્યો જે અતિ મીઠડો**
**હાંરે મહેતા નરસૈયાનો સ્વામી દીઠતો જીરે. આજની..**

નરસિંહ મહેતાનું એ પ્રસિદ્ધ પદ ગાઈ ગાઈને સૌ જાણે વ્યક્તિગત રીતે આ સંતવિભૂતિને સત્કારી રહ્યાં હતાં. સંતનું સન્માન ગામના પાદરે સૌએ વિવિધ પદો ગાતાં ગાતાં કર્યું. જાણે



આખા ગામનો એ સમૂહમાં ઉત્સવ હતો.

પૂ.શ્રી ઘરમાં આસન ઉપર બિરાજ્યા. વાતાવરણમાં શાંતિ છવાઈ ગઈ. શ્રી ઈશ્વરભાઈએ સ્વાગતના બે શબ્દો કહીને પૂ.શ્રીનો પરિચય આપે છે.

સન્માનના પ્રત્યત્તરમાં પૂ.શ્રી નાનકડો વાર્તાલાપ આપે છે. સૌ પ્રસાદ લઈ વિદાય લે છે. રાતે પ્રવચન શ્રી ઈશ્વરભાઈના આંગણામાં થશે. એ વાત સૌ જાણે જ છે.

પૂ.શ્રી ગુરુદેવપ્રભુનું આવું ભાવભર્યું સન્માન થાય એવી કલ્પના પણ ન હતી. સૌની ભાવભક્તિ પૂ.શ્રીના આશીર્વાદ સહજ રીતે જ પ્રાપ્ત થાય તેવી જણાઈ.

પ્રસન્ન થઈ ગયા શ્રી ગુરુદેવપ્રભુ. સૌનો પ્રેમ, શાંત એકાંત, બગીચાવાળું સ્વચ્છ ઘર જોઈને.

અમારા માતાપિતા તથા ઘરના સૌનો પરિચય શ્રી ઈશ્વરભાઈએ પૂ.શ્રીને કરાવ્યો. તેઓ સૌ પણ સ્વાગતમાં સાથે જ હતા.

સંતપુરુષને સર્વપ્રકારે અનુકૂળતા ધરવા શ્રી શારદાબેન તથા શ્રી રમેશચંદ્રે પોતાનું આખું ઘર સેવામાં ધરી દીધું. પોતે બાજુમાં નાનકડા ઓરડામાં રહેવા ચાલ્યા ગયાં. શ્રી સુશીલાબેન તથા શ્રી મોહનલાલે પણ નોકરીમાંથી રજા લઈ લીધી હતી.

અમારાં માતાપિતાને પણ સંત પધાર્યાનો પરમઆનંદ હતો. તેમણે સામે ચાલીને સંતપુરુષના દરરોજના ભોજનની સેવા માગી લીધી હતી.

એક બ્રહ્મદર્શી મહાપુરુષને ભોજન કરાવવાથી એક હજાર ભૂદેવોને ભોજન કરાવવાનું પુણ્ય મળે એ પુણ્ય એમણે સામે ચાલીને પ્રાપ્ત કરી લીધું.

સંતના મંગલ આગમન પ્રસંગે અમારાં માતાપિતાને ઘરે

જાણે કોઈ મહોત્સવ મંડાવવાનો હોય એવો ઉત્સાહ હતો. જેથી સગાંવહાલાને પણ પત્ર લખીને તેડાવ્યાં હતાં. વળી અમને પણ સૂચના આપી હતી કે સૂરત કે બહારગામથી જે સત્સંગીઓ છે તેમને પણ અમારા વતી આમંત્રણ આપજો.

અધ્યાત્મપ્રેમી માતાપિતા સંતદર્શનથી, સંતસેવાથી પરમ ભાગ્યશાળી બન્યા.

અમારા જ ગુરુદેવ પ્રભુ જાણે સૌના, પરિવારના પણ પૂજ્ય પુરુષ બની ગયા, વંદનીય વિભૂતિ બની ગયા. ‘સુણીને પ્રશંસા હંસથી’ મનોમન જાણે માતાપિતાએ મહિમા જાણી લીધો હતો. સંતને પરખવાની વિવિધ રીતો, કોઈપણ રીતે સંતને વધાવવાની એમની પ્રવૃત્તિ પ્રેરક અને પ્રશંસનીય હતી.

અમને આવો અદ્‌ભુત સહકાર મળશે એવી તો કલ્પના પણ ન હતી.અમારા પૂજનીય શ્રી સદ્‌ગુરુ ભગવાનને સંત તરીકે આ રીતે સન્માનશે, વધાવશે એવું ધાર્યું ન હતું. છતાં એ બની રહ્યું હતું તેનો સંતોષ હતો.

પરમાત્માની મંગલમય યોજનાનો જાણે એ એક ભાગ હતો. પરમાત્માનો આભાર માની આવાં ધર્મપ્રેમી, સત્સંગપ્રેમી માતાપિતા પામી અમે ધન્ય બની ગયાં. મનોમન માતાપિતાને કંઈ કેટલાયે પ્રણામ સહજ રીતે થવા લાગ્યા.


સદ્‌ગુરુ ભગવાનનું જ્યાં જ્યાં સન્માન ત્યાં ત્યાં અમને આનંદ, પ્રસન્નતા જ હોય ને !

સૌ સ્વજનોનો શુભેચ્છાભર્યો સહયોગ પણ પરમ ભાગ્યશાળીને જ મળે. એ દ્રષ્ટિએ અમે પરમભાગ્યવંત થયાં.

—સંકલન



## ॥ પૂ. શ્રી યોગેશ્વરજીનો કૃપાપ્રસાદ ॥



- 'શ્રી 'મા' સર્વેશ્વરી એક પરિચય'

## ॥ પૂ. શ્રી યોગેશ્વરજીની અમીનજર ॥

ગુરુપૂર્ણિમાએ [illegible] મહોત્સવ મંડાયો.

સરોજબેનના પિતાશ્રી અવારનવાર કહેતા કે આજે કોઈ મહેમાન નથી? ઘરમાં કોઈ બહારના મહેમાનો જમનારા હોય છે ત્યારે સારું લાગે છે. બહારના મહેમાનોવિના ઘર સૂનુંસૂનું દેખાય છે. બહારના મહેમાનોને જોઈને તે ખરેખર ખુશ થતા. આ જમાનામાં એવી ઉદાર ભાવનાવાળા કોઈક વિરલ સ્થળે વિરલ વ્યક્તિઓ જ જોવા મળે છે.

સરોજબેનના પિતા અરવિંદભાઈ રામાયણના પ્રેમી છે. એમને રામાયણ ઉપર ખૂબ પ્રેમ છે. એમણે સરોજબેનને [illegible] રામાયણના [illegible] શીખવેલા. સરોજબેનને એને લીધે રામાયણપ્રેમ વારસામાં મળ્યો છે.

પિતાશ્રીએ પૂછ્યું કે રામનામ આપ્યું તે તો સારું થયું. પણ હવે કરવું શું?

આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવા માટે તો કૈંક કરવું પડશે ને? [illegible] એમનેમ કેવી રીતે આવશે?

એમના પિતાને એવો વિચાર થાય એ સ્વાભાવિક અને શુભ કહેવાય. એની પાછળ એમની લાગણી તથા જિજ્ઞાસાવૃત્તિનું દર્શન થાય છે. એમની મુક્તિ માટે એ [illegible] કરે. છતાં પણ એમની મુક્તિ તથા પુત્રપ્રેમની શ્રદ્ધા! એટલી [illegible] કહેવાય કે એ એમના જીવનની વચ્ચે [illegible] આવ્યા અથવા એમાં બાધક ના બન્યા. એને માટે એમને અભિનંદન આપવા જોઈએ. એવા સંતાનોમાં સહયોગ આપનારા પિતાઓ પણ બહુ જ ઓછા હશે. એવા ભાગ્યશાળી પિતાને ત્યાં જ આવી પુત્રીઓ જન્મ લેતી હશે.

**- 'શ્રી 'મા' ઉપર લખેલા પત્રપ્રસાદ'**



# ॥ શ્રીશારદાબેનની અંતિમ વિદાય ॥

**(અંતિમ યાત્રાપર્વે પૂ.શ્રી'મા'એ ધરેલાં પ્રણામ-પ્રાર્થનાપુષ્પો)**

પ્રેમની પરબડી સમાં
શ્રદ્ધાની જીવંત જ્યોત સમાં
સૌના વિશ્રામસ્થાન શ્રી શારદાબેન !

• તમારી પ્રેમપરબ ઉપર જેમણે જેમણે પગ મુક્યો છે તે તે તૃપ્ત થયાં છે.

• તમે અન્નપૂર્ણા બની ધામણ, પાંચસીમ, ભકતાશ્રમ, કર્પૂરવનમાં અનેકને ઠાર્યા છે.

• તમારી છત્રછાયામાં અનેક ખીલ્યાં છે, સુગંધિત બન્યાં છે.

• તમે નિત્ય પ્રભાતે પ્રાર્થના, પાઠ, રામાયણ પારાયણ કરી શ્રી રામચરણે શ્રદ્ધાદીપ પ્રગટાવી સૌને પ્રકાશ ધર્યો છે.

• તમે સમર્થ સંતપુરુષ પૂ.શ્રી યોગેશ્વરજીને ત્રણ ત્રણ વાર પોતાને આંગણે ઉતારી સંતસેવા કરી જીવન ધન્ય કર્યું છે.

• તમે સમાજને સંતાન ધર્યાં તો તે સંતાને શ્રવણ બની જીવનભર માતાની સેવા કરી, સમાજને 'માતૃભક્તિનો આદર્શ' ધર્યો છે.

• તમે જીવનભર નિત્યપ્રભાતે ગંગાજળનું આચમન કર્યું તો એ જ ગંગાજીએ તમને અંતકાળે શીતળતા ધરી. શાંતિ ધરી.

• તમારી સંતસેવા માન્યકરી તમને અંતકાળે ફૂલની જેમ હળવેથી ઊંચકીને તમારા મૃત્યુને મંગલ મહોત્સવ બનાવી દીધો. વિવિધ વિશેષતાથી શોભતા હે શારદાબેન ! અમારા સૌના પ્રેમ-પ્રણામ સ્વીકારી અમને આશીર્વાદ આપતાં આપતાં આપ પણ ભગવાન શ્રીરામની તથા શ્રીગુરુદેવપ્રભુની છત્રછાયામાં આશીર્વાદ પામતાં પામતાં પરમ વિશ્રામ પામો.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ શ્રીશારદાબેનની વિશેષ સ્મૃતિ ॥

અમારાં પૂજ્ય સ્વજન

શ્રી શારદાબેન

આજકાલ અમે તમને વિશેષ રીતે યાદ કરી રહ્યાં છીએ.

તમે અમને શું શું આપ્યું ?

૧૯૮૩ થી માતા બની સંભાળ્યાં

૧૯૮૫ થી પિતા બની છાંયડી ધરી.

૧૯૭૧ થી અમારા અલૌકિક પંથ ને નિયમોને સમજવા શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા છે.

૧૯૭૧ થી અમારા સર્વ નિર્ણયમાં તમે શ્રી રમેશચંદ્ર સાથે શ્રેષ્ઠ સહયોગ ધર્યો.

૧૯૬૧ થી ૧૯૬૫ દર વૅકેશનમાં તમારા રાજમાં અમને તેડીને સરસ વૅકેશનની મજા માણી શકાય એવાં પ્રેમ ને હૂંફ ધર્યાં.

૧૯૫૮-૫૯માં પાટીદાર આશ્રમમાં બેન ભારતીના વાલી બનાવી નિયમિત મળતાં રહ્યાં.

૧૯૬૧ થી ૧૯૭૯ સુધી મા જ્યાં જ્યાં હતા ત્યાં ત્યાં હૉસ્ટેલમાં, અભ્યાસનાં કે સાધનાવિદ્યાભવનની સેવાનાં વરસોમાં સરસ રીતે સંભાળ રાખવા અમને મળતાં રહ્યાં.

અને વિશેષ નોંધપાત્ર વાત તો એ છે કે તમે અમારા ગુરુદેવને શ્રદ્ધાભક્તિથી વધાવી લીધા. સમજપૂર્વક એમના શ્રી ચરણે તમે બન્ને ઝૂકી શક્યાં.

તમારાં બાળકોને પણ તમે ધર્મના માર્ગે વાળવા સરસ સંભાળ લીધી.

આજે ભાઈ જગદીપ પાસે જે સંસ્કારધન છે. પ્રાર્થનાનું, શુદ્ધ શાકાહારીનું વ્યવહારકુશળતાનું, સગાસંબંધીને એક સૂત્રે બાંધવાનું, આદર્શ પુત્ર બનીને આપની તન, મન, ધનથી સેવા કરવાનું આ બધી જ સંપત આપના બન્નેના ધર્મસંસ્કાર તથા શ્રી કાલીમંદિરના વડીલો પાસેથી જ પ્રાપ્ત થઈ છે.



અરે ! ૧૯૭૧ થી અમારા ભોજનના કડક નિયમોને જાણી તમે સતત ચિંતા કરી કરીને તાજી વિવિધ વાનગીઓ ધરતાં રહ્યાં. દર શનિરવિ રાહ જોતાં રહ્યાં. અમારી પ્રાર્થનાના નિયમો પૂર્ણ થાય પછી સાથે જ ભોજન લેવાનો તમારો પ્રેમભર્યો આગ્રહ પણ અમે ભૂલ્યા નથી.

હવે આરોગ્ય એક લક્ષ્મણરેખા દોરે છે છતાં ૨૦૧૯ના આ નવેમ્બરમાં વેલી પણ જઈ શક્યાં.

આટલી ઉંમરે તમે પાઠ, પ્રાર્થના, માળા, વાંચન કરી શકો છો. મોઢે શબરી, નાવિક પ્રસંગ કે શિવમહિમ્ન બોલી શકો છો. એ તમારી વિશેષતાને વંદન હો.

તમે સૌ માટે પ્રેમની જ મૂર્તિ હતાં. છો ને હશો. આરોગ્યની ઉથલપાથલમાં જરાક મન ઉપર ગરબડ થાય પણ તમે તો અમારે મન પૂજ્ય જ છો. તમારી અનેક વિશેષતાઓને અમે વારંવાર યાદ કરીએ છીએ. તમારા નિઃસ્વાર્થ પ્રેમભર્યા જીવનને જોતાં સૌ કોઈ તમને મળવા આવે છે.

તમારી સર્વ વિશેષતાને અમારે પણ જીવનમાં ઉતારવાની છે. એવું યાદ રહે છે.

'હવે તો હરિ તારે આંગણે આવી ઊભા !' એ પદ ગાતાં ગાતાં આનંદથી સૌની સેવા લેતાં લેતાં, સૌને પ્રેમથી મળતાં મળતાં જીવન વીતે. એ જ પ્રાર્થના.

અમારાં જીવનમાં અમારી સર્વ વાતોને તમે પ્રેમ ને સમજપૂર્વક વધાવી છે. પ્રભુપંથે સંપૂર્ણ સહયોગ ધરીને અમારા જીવનમાં સાચા પ્રભુપંથના સ્વજન બની જે અભિનય ભજવ્યો છે. તે જન્મોજન્મ ભૂલી શકાય તેવો નથી.

અમે તો ખૂબ નાનાં છતાં તમે બન્નેએ અમારામાં પૂજ્યભાવ રાખ્યો. સન્માન્યાં, સ્વીકાર્યાં, વધાવ્યાં અને મંદિરમાં પધરાવ્યાં. તમારા આ સર્વ વિશેષ કર્મો સામે પ્રભુ પાસે માગીએ કે અમારા આ સ્વજનને સર્વ સ્થળે, સર્વકાળે શાંતિ ધરજો.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ મોટીબેનના નિઃસ્વાર્થ પ્રેમનાં સંસ્મરણો ॥

આપણી આ જન્મની પૃથ્વી પરની યાત્રામાં જે જે સ્વજનો મળ્યાં તે તે હવે એક પછી એક વિદાય લઈને સલામી ભરી રહ્યાં છે.

ઋણાનુબંધે આપણે એક જ પરિવારમાં મળ્યાં. લોહીની સગાઈએ સાથે જ કાલીમંદિરમાં રહ્યાં.

મોટીબેન તરીકે શ્રી શારદાબેન મળ્યાં. તો સમજતાં થયાં ત્યારનું પહેલું સ્મરણ આ રહ્યું.

બી.એ.માં ગોલ્ડમૅડલ મળ્યો. સુરત શ્રી શારદાબેન શ્રી રમેશચંદ્ર મળવા આવ્યાં. ખૂબ આનંદ વ્યક્ત કરી ૨૫ રૂ. અમને ભેટમાં આપ્યા. અમે રામાયણ ખરીદી એ બન્નેના હસ્તાક્ષરમાં આશીર્વાદ લખાવ્યા.

નાનીબેનની શિક્ષણની કારકિર્દીને વધાવવાની કેવી સૂઝ, કેવો પ્રેમ ને કેવી સમજ !

કૉલેજનાં દરેક વૅકેશનમાં, રાજમાં આગ્રહ કરીને પોસ્ટકાર્ડ લખીને તેડે ખૂબ પ્રેમથી રાખે અર્ધી રાતે પણ ચૂલા ઉપર નવું નવું બનાવે. અરે ! વાડાના ટામેટાનો રોજ બપોરે સૌ માટે રસ કાઢે ખૂબ પ્રેમથી જ્યાં જ્યાં સગાં ત્યાં લઈ જાય. પૂ.બેને ખૂબ લાડ વૅકેશનમાં પણ કરાવ્યાં છે.

પૂ.શ્રીનું દર્શન થતું સુરત. તો અમારા પોસ્ટકાર્ડના આમંત્રણે આવ્યા અને શ્રદ્ધાભક્તિથી નમ્યાં.

અમારા શનિરવિનો મુકામ કર્પૂરવન પાદરે જ થતો. અમારા કડક પ્રભુપંથના નિયમો એમણે પોતાની આંખે જોયા. જાણ્યા, વધાવ્યા.

૧૯૮૪ પછીની પ્રથમ નવરાત્રિના નવ દિવસ મુકામ થયો



તો ઉપવાસો જોયા.

પોતાની નાનીબેનનું જીવન નજીકથી જોઈ શક્યાં, વધાવી શક્યાં. કડક નિયમો પાળવામાં પૂર્ણ સહકાર આપ્યો.

પૂ.શ્રીને કર્પૂરવન પોતાને આંગણે ઉતારી, પોતે પેલી નાનકડી ઓરડીમાં મુકામ કરી, સંતની શ્રેષ્ઠ સેવા કરી શક્યાં, સત્સંગનો લાભ લઈ શક્યાં.

જીવનભર એક જ શ્રદ્ધા સાથે જીવન વીતી ગયું.

આટલી લાંબી આયુષ્યની આ પગદંડી ઉપર પણ આજે પણ એવી જ શ્રદ્ધા, એ જ બધા ધર્મમય પાઠ, માળા, ગંગાજળ લેવાનો નિયમ રામાયણ પારાયણ અને અનસ્ત સૂર્ય પારાયણના વિશેષ નિયમો સાથે જીવન ચાલી રહ્યું છે.

હા. હવે લાચાર છે. ચાલી શકતાં નથી. બહાર જઈ શકતાં નથી. સૌની સેવા લેવી પડે છે.

છતાં જે જે વિશેષતા છે તે તો છે જ. જેમકે આજે પણ જો પ્રસાદ મોકલીએ તો સૌને યાદ કરી કરીને આપે જ. કદી એકલા ના ખાઈ, વહેંચીને ખાવાની, કણમાંથી પણ કણ આપવાની આ વિશેષતા વંદન કરવા જેવી છે.

હરતા ફરતા હતાં ત્યાં સુધી તો સરસ સુઘડ, એકદમ વ્યવસ્થિત વેશભૂષા, સૌ સાથે પ્રેમથી વાતો કરવાની કુશળતા. આજે પણ ફોનથી વાતો કરી કરીને સંબંધો મધ જેવા મીઠા સાચવી રાખવાની એમની રીતભાત નોંધપાત્ર છે.

કાલીમંદિરમાં મળેલાં આ મોટીબેન તરીકેની પૂ.બેનની વિશેષતાને વધાવવાનું આજે આ કલમે નક્કી કર્યું લાગે છે.

હે બેન ! આપની સર્વ વિશેષતાઓમાં જ્યાં જ્યાં સાત્ત્વિકતા છે તે તે સૌ જાણે માણે, વધાવે.

શ્રવણ બનીને જગદીપ, નયના સર્વશ્રેષ્ઠ સંભાળ લઈ રહ્યાં છે. પ્રભુ એમની સેવાને માન્ય કરી એ બન્નેને ખૂબ ખૂબ સુખ શાંતિ આપી પ્રભુના પંથે ખૂબ ખૂબ આગળ વધારે એવી પ્રાર્થના છે.

કાલીમંદિરના સ્વજનના સંબંધે હે બેન ! આપે અમારે માટે જે જે કર્યું તે તે ઋણ સાથે મસ્તકે ચઢાવીને પ્રાર્થના કરીએ છીએ કે આપના આયુષ્યના બધા જ દિવસો રામમય વીતે. પ્રાર્થના અને પાઠ અને મંત્રમાં સ્થિરતા મળે. આરોગ્ય સાથેનું જીવન વીતે. સેવા કરનાર સૌને પ્રભુ ખૂબ ખૂબ સુખી કરે એવા આશીર્વાદ વરસાવતા રહેજો.

હે કાલીમંદિરના વિવિધ વિશેષતાથી શોભતા વડીલ સ્વજન પૂ.બેન આપની શુભમંગલ વિશેષતાઓને કદી ના ભૂલીએ. ભલે આપ વૃદ્ધ છો. પથારીવશ છો પણ વિશેષતાઓ જે અમે જોઈ છે માણી છે તે તો અમર છે. તે શુભ વિશેષતાઓ સૌના જીવનમાં પ્રકાશ પાથરતી રહો.

તમારા નિ:સ્વાર્થ પ્રેમનાં સ્મરણો અમે નતમસ્તકે વધાવીએ છીએ. પ્રણામ ! પ્રણામ ! પ્રણામ ! તમારી સર્વ સમજને પ્રણામ. તમારા અમારા પ્રત્યેના પ્રેમભાવને પ્રણામ. તમારી પ્રાર્થના અને સંતના ચરણે ભક્તિને પ્રણામ. તમારી સર્વ વિશેષતાને પ્રણામ, પ્રણામ, પ્રણામ. અમારા પંથે સર્વ અનુકૂળતાના થાળ ધરનાર હે સ્વજન ! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. જ્યાં છો અને જ્યાં હશો ત્યાંથી આશીર્વાદ વરસાવતાં રહેજો.

ૐ

**—શ્રી'મા' સર્વેશ્વરી**

(૨૪/૭/૨૦૨૨)

**('સ્વર્ગારોહણ')**



## ॥ શ્રીશારદાબેન : એક અવિસ્મરણીય વ્યક્તિત્વ ॥

શ્રીશારદાબેન કાલીમંદિરના વડીલ સ્વજન. પૂ.શ્રીના કર્પૂરવનના યજમાન, સંનિધિપર્વ, ઓઝોના શિબિરના આયોજક 'મા'નાં મોટાંબેન. અતિ પ્રેમાળ સ્વજન, શ્રદ્ધાળુ, મિલનસાર, સૌને સહાયક થવાનો સ્વભાવ, સંબંધોને સરસ રીતે દીપાવી જાણી, શ્રેષ્ઠ સ્વજન બનવાનાં સર્વ લક્ષણોથી શોભતાં, શારદાબેન, સુઘડ, સ્વચ્છ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ. પરિવારમાં મોટાં એટલે સૌને પાંખમાં રાખવાની ઉદારતા વ્યક્તિત્વમાં જ વણાયેલી રહેતી.

પૂ.શ્રી'મા'માં અનન્ય શ્રદ્ધા-ભક્તિ. સંતસેવા અદ્ભુત ! અતિથિઓને સત્કારવાની પરંપરા પણ વંદન કરવા જેવી. યજમાન તરીકે પૂ.શ્રીને પોતાને, આંગણે ત્રણ-ત્રણવાર ઉતારી પ્રસન્નતા પ્રાપ્ત કરી સમર્થ સંતના પૂર્ણ આશીર્વાદ પામનાર શ્રી શારદાબેન પૃથ્વીપટે સરસ જીવી ગયાં.

સંતસેવાથી સુગંધિત જીવન જીવી જનારાં શ્રી શારદાબેન સમાજનાં વિવિધ સ્વજનોને પણ સતત ફોનના સંપર્કથી મળતાં રહેવાનો શોખ, સૌનાં નામ, કામ, ગામ યાદ રાખીને સમાચાર પૂછી સંભાળ લેવાનો પણ શોખ. વ્યવહારકુશળ સૌને યથાયોગ્ય પ્રસાદ આપવાની પણ પ્રવૃત્તિ જીવનભર ચાલુ રહી.

ગમે તે થાય હોસ્પિટલ નથી જવું. ઘરડાઘરમાં કે નર્સિંગહોમમાં પણ શા માટે જવું ? આવી એક ઈચ્છા વરસોથી સૌને કહેતાં રહ્યાં.

પૂ.બેનને બે સંતાન. જગદીપ અને ભારતી. બન્ને સંતાનો માતાની ઈચ્છા પ્રમાણે જ માતાને સંભાળવા તૈયાર.

છેલ્લા એકાદ બે વર્ષથી વ્હીલચૅરમાં જ રહ્યા. સતત ડૉક્ટરોથી વીંટળાયેલા રહેવું પડે તો ડૉક્ટરો ઘરે આવીને તપાસ કરી જાય. સારવાર આપી જાય. આંખ અને દાંત માટે ક્લિનિક ઉપર જવું પડે પણ પાછા ઘરે જ આવી જવાનું.

ભાઈ જગદીપે સાચે જ શ્રવણ બનીને માતા અને પિતા બન્નેને સરસ રીતે સંભાળ્યા. આજ્ઞાંકિત પુત્ર બની માતા અને પિતાની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરવા સતત મથનાર ભાઈ જગદીપે આશીર્વાદનો ખજાનો પામી, હાશનો થાળ ચાખ્યો છે.

બેન ભારતી છેલ્લા છ માસથી એ જ શહેરમાં એ જ વિસ્તારમાં પોતાના નવા નિવાસમાં રહ્યાં. અને દરરોજ જ માતાની સંભાળ, માતાની સેવા, માતાની બધી જ ઇચ્છા પૂરી કરવા ઉત્તમ પ્રયત્નો કર્યા. દરરોજ જ દીકરી મળે એટલે માતાને પણ હરદમ હાશ મળી.

જગદીપના ધર્મસખી બેન નયના પતિના પગલામાં પગલું ભરી સરસ રીતે પૂ.બેનની બધી જ ઇચ્છા પૂરી કરવામાં સતત જગદીપને સહયોગ ધર્યો. જાણે જગદીપ માટે દેવોના દેવે પસંદ કરેલી ધર્મસખી નયના હતી. સાચે જ એ દીકરીએ પોતાના પૂર્વજોના ધર્મના-સેવાના સંસ્કાર દીપાવ્યા. વૃદ્ધોની પથારીવશ સ્વજનોની સેવા આપણી ધીરજ ને શ્રદ્ધા, પ્રેમ અને હિંમતની કસોટી કરનારી હોય. છતાં બેન નયના બધા જ ક્ષેત્રમાં સફળ રહી છે. જગદીપની સેવા પાછળ પડદામાં એનો નોંધપાત્ર ફાળો છે.

પૂ.બેન સરસ સુવિધા પામ્યાં. સરસ સેવા પામ્યાં. સરસ જીવન જીવ્યાં.

સંતસેવામાં દેહને સાર્થક કર્યો. અંતકાળે જાણે એ સમર્થ સંતે પોતાના આ આદરણીય યજમાન માતાને ફૂલની જેમ ઊંચકીને



પોતાના ધામમાં લઈ ગયા ને સેવાનું ઋણ જાણે અદા કર્યું.

પૂ.બેન અન્નપૂર્ણા સ્વરૂપે પણ સૌનાં આદરણીય રહ્યાં. સૌને વિવિધ વાનગીઓ શીખવતાં, સમજાવતાં, બનાવતાં, ખવડાવતાં. શ્રી શારદાબેન જાણે સૌના હૈયે સ્મરણીય પાત્ર બની ગયાં !

અરે કર્પૂરવનમાં જ્યાં સુધી રહ્યાં ત્યાં સુધીમાં ગામમાં જે સ્વજનો વૃદ્ધ ને માંદાં હોય તેમની ખબર તો લેવા જવાનું અને તેમને પચે તેવી વિવિધ વાનગી બનાવીને પણ મોકલવાનો એક સાત્ત્વિક શોખ જાણે વારસામાં મળ્યો હતો.

'મા'ના કૉલેજકાળમાં નિયમિત હૉસ્ટેલમાં મળવા આવતાં. નાસ્તા લાવતાં. અરે ! દરેક વૅકેશનમાં પોતાને ગામ તેડીને વૅકેશનની મોજના ઉત્સવો ઉજવાવતા.

પૂ.બેનના ઘરમાં જ અમારા નવરાત્રિના કડક વ્રત ઉપવાસો થયા. સાક્ષી બનીને સમજપૂર્વક શ્રદ્ધાભક્તિથી વધાવવાનું સત્કર્મ પણ તેઓ કરી શક્યાં.

જીવનભર એક સરખી અખંડ શ્રદ્ધાભક્તિ, સન્માન, પ્રણામના સંદેશા સતત પહોંચાડનાર પૂ.બેનનું એક ભક્ત સ્વજનનું સ્વરૂપ પણ વંદનીય છે.

વિવિધ વિશેષતાથી શોભતા એ પ્રેમાળ સ્વજન આ જન્મે જાણે પ્રસાદીમાં મળ્યા.

હે પ્રભુ, આપ એ સ્વજનનું પરમ મંગલ કરવા જ હળવેથી ફૂલની જેમ ઊંચકીને આપના શ્રીઅંકે રમાડી રહ્યા છો. શાંતિ, આનંદ, પ્રસન્નતા, હાશ ધરી શ્રીચરણોમાં જ નિત્ય નિવાસ ધરજો. શબરી, નાવિક જેવી ભક્તિ (એમના નિત્યપાઠના સત્કર્મ સામે) એમને પ્રસાદમાં ધરજો.

પૂર્ણ આયુષ્ય પામી માનવદેહ ધારી કાલીમંદિરના સ્મરણીય-

વંદનીય પાત્રને સૌના પ્રણામ, પ્રણામ, પ્રણામ. સ્વજનની વિદાય જાણે સ્વજનની વિશેષતાને વંદન કરવાનું પર્વ. સર્વ સાત્ત્વિક વિશેષતાઓ જાણે સ્મરણપટ પર રમવા લાગે ને કલમ તેને ન્યાય આપે.

જો કે વરસો પહેલાં પૂ.બેનને એક સરસ, સ્મરણીય વિશેષતાને વર્ણવતો પત્ર લખેલો. જીવતાં જ વંચાવી લેવાનો. જીવતાં જ વધાવી લેવાનો ક્રમ 'મા' એ તો પાળ્યો છે.

મૃત્યુ નામનું મંગલદ્વાર ઉઘડ્યું અને એમાં શાંતિથી કોઈની પણ હાજરી વિના સહજ રીતે શ્વાસ શાંત થઈ ગયો.

સરસ રીતે શાંતિથી વિદાય થયાં. ૯૨ વરસે મન સ્વસ્થ, જાગ્રત, પોતાની ઈચ્છા પ્રમાણે જ જીવી જવાના આગ્રહ સાથે સરસ જીવન જીવી ગયાં.

જગદીપભાઈએ પણ સંસ્કારદૂત બનીને માતાપિતાને સર્વશ્રેષ્ઠ રીતે સંભાળ્યાં. માતાપિતાની સર્વ સાત્ત્વિક ઈચ્છાઓ પૂરી કરી શક્યા. સર્વત્ર જાણે હાશના થાળ સેવાને સંભાળના માધ્યમથી પામ્યા.

ૐ 'મા' પ્રાથમિક શાળા, જયપુર ફૂટકૅમ્પ, ૧૯૯૬ ઓઝોના શિબિર, ૨૦૦૩ સંનિધિ પર્વ, સાઈકલ યાત્રા, ભાદરવી પૂર્ણિમાનું છાશની હાશનું પર્વ સ્વર્ગારોહણની પાણીની પરબ, વ્યારા હૉસ્પિટલમાં, નવસારી રૉટરી કલબમાં વિવિધ ગુપ્ત મૌનની દાનગંગા વહાવનાર જગદીપભાઈએ પણ શ્રી શારદાબેનના સંસ્કારસેવાના વારસદાર બનીને માતાને જીવતાં જ સત્કર્મના પુષ્પહાર અર્પણ કરીને માતાની જાણે ષોડશી પૂજા કરી છે.

એક માતા સમાજને એક પુત્રરત્ન ધરીને પોતાનું જીવન તો ધન્ય કરે જ પણ પુત્રના જીવનને અને સમાજજીવનને પણ



સાર્થક ધન્ય કરે.

ભાઈ જગદીપના ઘડતરમાં કાલીમંદિરનાં બા-બાપુજીનું પણ ઘણું મોટું યોગદાન છે. પ્રાર્થના અને સેવાના સાત્ત્વિક સંસ્કારોનું મૂળ કાલીમંદિર છે.

શ્રી શારદાબેનની સર્વ વિશેષતાનું સ્મરણ આજકાલ મનઅંતરે રહ્યા કરે છે.

'મા' તો નાનકડાં બેન કાલીમંદિરના સંબંધે, છતાં એવો અદ્ભુત પૂજ્યભાવ, ભક્તિભાવ, શ્રદ્ધાદીપ સાથેનો જીવનભર રહ્યો. સાથે સાથે પૂ.શ્રી પ્રત્યે પણ અનન્ય શ્રદ્ધા-ભક્તિ વધતી જ રહી. ભક્ત તરીકે પૂ.બેન વિશેષ વંદનીય બની રહ્યાં.

હે નાથ ! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**જીવન જેમ ઉત્સવ તે રીતે**
**મૃત્યુ પણ મંગલ ઉત્સવ**

પૂ.બેન સરસ રીતે જીવ્યાં. સરસ રીતે સેવા પામ્યાં અને સરસ રીતે શાંતિથી વિદાય પણ પામ્યાં. એ જીવનને શોકની છાયા સપને પણ ના વળગી.

દરેક મૃત્યુ જાણે જગાડવા આવે છે. કાલીમંદિરના વડીલ સ્વજને વિદાય લીધી. લોહીના સંબંધે બેન બનીને પૃથ્વી ઉપર આવ્યાં. પોતાને ફાળે જે અભિનય હતો તે ભજવ્યો અને શ્રદ્ધા-ભક્તિ સાથે સતત નમતાં નમતાં સંતચરણે જાણે શાંતિથી સમાઈ ગયાં. શ્રી યોગેશ્વર પ્રભુ જેવા સમર્થ સંત એ સ્વજનને શ્રીરામના દ્વારે કાયમ કાજે ઠારશે. સંતસેવાનાં મંગલ મધુર ફળ ચખાડશે.

આજે અંતિમયાત્રા હતી. શાંતિથી આંખ બંધ કરીને સૌનાં શ્રદ્ધાપુષ્પો સ્વીકારીને જાણે પ્રસન્નતાથી શ્રી અગ્નિદેવના શ્રીઅંકે સમાઈ ગયાં.

'મા' પણ પૃથ્વીપટે આયુષ્ય પૂર્ણ કરતાં પાદરે જ ઊભાં છે. ક્યારે મંગલ મૃત્યુના દેવ પધારશે. મળશે ને પ્રેમથી તેડી જશે. એનાં તારીખ, વાર, સમય ક્યાં કોઈને ખબર છે ? એટલે પ્રત્યેક પળે સજ્જ થઈને શ્રી હરિના દરબારે પ્રવેશવા તૈયાર રહેવાનું છે.

આજે અંતિમયાત્રા. ૯૨ વર્ષ પૃથ્વી ઉપર પસાર કર્યાં. યથાશક્તિ હરિમય જીવનના નિયમો પાળ્યા. હવે આ અનંત જન્મોની યાત્રામાં હવે એ કયાં, કેવા દેહે, ક્યારે મળશે કે નહિ તે પણ કયાં કોઈ જાણે છે !

હે પ્રભુ ! સર્વ સ્વજનોના સર્વ ઋણાનુબંધ શાંત કરી સૌને આપનાં જ શ્રીચરણોમાં સ્થિર કરો. મુક્તિનો મંગલ આનંદ ધરજો. સર્વ વળગણો સર્વના કાપીને શાંતિ ધરી દો.

પૂ.બેન દરરોજ સવારે નિયમિત શિવમહિમ્ન, શબરી, નાવિક પ્રસંગ, બે બાવની, ત્રણ પ્રાર્થના મોઢે ગાતાં. તે રીતે દરરોજ 'મા'એ લખી આપેલી નીચેની પ્રાર્થના પણ નિયમિત મોઢે જ ગાતાં. આ રહી તે પ્રાર્થના.

**'હરિ તારા આંગણે આવી ઊભા**
**સર્વેશ્વરી છે સાથમાં રે લોલ.'**

વીતી વસંત, પેલી પાનખર આવી
એ...ભજનની લીટી ભૂલાણી
કે નામજપે તારજો રે લોલ...હરિ
હરિ હવે તમે દ્વાર ઉઘાડો
જેવા છે તેવાને પાર ઉતારો
એ..સાધના ભજન વિણ અમને
કે ચરણોમાં રાખજો રે લોલ...હરિ
અપરાધી બાળને ક્ષમા કરી દો



મેલા ઘેલાને સ્નાન ધરી દો
એ..ઊંચકીને અંકે સ્વીકારો
કે હરિ તારા દેશમાં રે લોલ...હરિ
મારા તારાનો ભેદ ભૂલાવો,
હરિનું રૂપ હવે હૈયે ઘુંટાવો
એ..વળગણો સઘળાં હઠાવો
કે ઝોળી મારી ભરી જજો રે લોલ...હરિ

પૂ.બેન માટે સરસ લખાયું હતું પ્રાર્થનાના રૂપમાં ! 'મા' લખીને આપે છે તો પ્રેમથી વધાવીને ગાતાં પણ રહ્યાં. એ એમની વિશેષતા હતી. કાલીમંદિરના શ્રીભીખીબાને જે પદ પ્રિય હતું જે પદ તેઓ ભાવથી ગાતાં હતાં. તે જ પદ શ્રીશારદાબેનને પણ પ્રિય હતું. જેથી પૂ.બેન પણ ખૂબ ભાવથી ગાતાં.

અરે ! એ પદ તો આ 'મા'ને પણ પ્રિય છે. અરે ! સૌને પ્રિય લાગે તેવું અર્થસભર ભક્તિભાવભર્યું પદ છે.

આ રહ્યું તે પદ...

**કૂવાને કાંઠે બે સાધુ વૈરાગી**
**બેની મને પાણીડાં પાવો...રે**
**રાસ ના પહોંચે**
**મારો ઘડુલો ના ડૂબે**
**કેમ કરી પાણીડાં પાઉં...રે**
**ચીર ફાડીને બેનીએ**
**રાસ ગંઠાવ્યા**
**સાધુને પાણીડાં પાવાં...રે**
**કંઠી બાંધો તો બેની**

**પાણીડાં પીએ**
**નુગરા જળ નવ પીએ...રે**
**કંઠી બાંધીને બેનીએ**
**પાણીડાં પાયાં**
**સાધુને તૃપ્ત જ કીધા...રે**
**બેડું લઈને વહુજી**
**ઘેર રે આવ્યા**
**સાસુ ઊભેલાં બહાર...રે**
**કંઠી તોડો તો વહુજી**
**ઘરમાં રે પેસો**
**નહીં તો પાદરે ઝૂંપડી બાંધો...રે**
**કંઠી ના તોડું**
**ને ઘરમાં ન પેસું**
**પાદરે ઝૂંપડી બાંધું...રે**
**ઝૂંપડી ઊડીને**
**આકાશે ગઈ**
**ત્યાં કંચનમહેલ બંધાયો...રે**
**ભલે મળ્યા રે**
**મહેતા નરસિંહના સ્વામી**
**ગોપીઓ આનંદ પામી...રે**

કાલીમંદિરમાં જન્મ લીધો બાળપણથી જ પૂ.ભીખીબા સાથે ગળથૂથીમાં જ ભજનનો સાંસ્કૃતિક વારસો પામ્યાં. યુવાનીમાં પણ લગ્નગીતોમાં ભગવાન શ્રીરામ-શ્રીકૃષ્ણના વિવાહનાં ધર્મપદ ઊંડા અર્થ સાથેના ગીતો-પદો ગાતાં રહ્યાં.



૧. ગુરુચરણે કર જોડી માગું
સદા રે પ્રભુજીની ભક્તિ મે માગું
૨. રૂક્ષ્મણી લખી કાગળ મોકલે રે
દ્વારિકાના નાથ જાદવરાય રે
કુંદનપુરમાં પધારજો
૩. સખી આજે આનંદ મારે ઉલટયો
અલબેલા તું આવ્યા મારે ઘેર
૪. સદ્‌ગુરુ સહાય કરો એક વાર રે
૫. રાધાજી રે ઘણું હરખ્યાં છે મન
આજે અમારો અવતાર ધન્ય
પ્રગટ્યા પૂર્વજન્મનાં પુણ્ય
તો પુરણ બ્રહ્મને પરણીએ રે

પ્રૌઢાવસ્થામાં અરે ! વૃદ્ધાવસ્થામાં ૯૦ વરસના પૂર્ણ આયુષ્યને કિનારે ભજનો ગાયાં.

ભક્ત સમાજ ઓફ યુ.એસ.એ.ના ઝૂમ ભજનસંમેલનમાં પણ પૂ.બેનને આમંત્રણ મળ્યું તો વ્હીલચૅરમાં બેસીને પણ ભાગ લીધો. એટલે જ પૂ.બેન માટે એવું નોંધી શકાય કે;

'ગાતાં ગાતાં જીવ્યાં
જીવતાં જીવતાં ગાતાં રહ્યાં.'

અને ગાતાં ગાતાં જાણે હરિદરબારે હાજર થઈ ગયાં ! હરિના શ્રીઅંકે હળવાશ પામ્યાં. હાશ પામ્યાં.

**—શ્રી'મા' સર્વેશ્વરી**
(૨૧/૪/૨૦૨૩)

## ॥ વિશેષતાને વંદન ॥

દરરોજ સવારે સ્નાન કરી દેવસ્થાનમાં દીવો કરી પુષ્પ ચઢાવી 'પરમાર્થીનું આ પદ' પણ હાથ જોડી ગાતાં.

સદ્‌ગુરુ શરણે મને નિત્ય રાખો રે
પડદા ઓથે કોણ છૂપાયું તે ભાખો રે...
મન મારું ચંચળ ને અતિ મેલું રે
જોઈ નહીં શકું એથી ધોઈ નાખો રે...સદ્
હું તો પંખી ઊડી શકું નહિ ઊંચે રે
મૃદુ મારી થાકી ગઈ હવે પાંખો રે...સદ્
ફોગટ ફેરો જોજો નહિ હવે જાય રે
કૃપા કરી એટલી કાળજી રાખો રે...સદ્

પૂ.બેન પાસે સુમધુરકંઠ—પ્રાચીન ધોળ, ભજનો, કવિતા બધું જ મોઢે.

કોઈવાર કોઈ વૃદ્ધાવસ્થા માટે કંઈક બોલે તો તરત જ ગાતાં.

પીપળ પાન ખરંતાં
હસતી કૂંપળીયાં
મુજ વીતી તું જ વીતશે
ધીરી બાપુડીયાં...

દિવાળીના પર્વોમાં ખૂબ મોટા મોટા સાથિયા પેલી માટીની મોટી ઓટલી ઉપર ફળિયામાં પૂરતાં. મોડીરાત સુધી એ રંગોળી ચાલતી. ધનતેરસની ગાય અને વાછરડીની મોટી રંગોળી કથ્થઈ રંગની ગાય અને તેની સફેદ રંગની વાછરડી હજુ પણ આંખ સામે તરતાં છે.



સુગંધિત પુષ્પોનો બાગ અતિપ્રિય. ઘરના ઓટલા ઉપર પણ જૂઈની વેલી. દરરોજ જાતે જ બાગમાં ફૂલોના છોડની માવજત. સુગંધિત ફૂલો ઉતારી પ્રભુનાં શ્રીચરણે નિત્ય પ્રભાતે અર્પણ કરે. અને પોતાના મસ્તકે પણ ધારણ કરે. અને ડૉક્ટરને ત્યાં જવાનું થાય તો તેમને માટે પણ ફૂલની કલગી લઈ જવાની ટેવ.

વસ્ત્રપરિધાન માટે ભારે ચીવટાઈ. એક આગવી સૂઝ, ભપકાદાર નહીં. સાદા છતાં સરસ. વર્ષો સુધી ખાદી જ પહેરી પછી જ વિદેશી સાડી. જાતે જ નાનાં નાનાં ફૂલ સાડી ઉપર ભરીને પોતે એકદમ સુઘડ, સ્વચ્છ, વ્યવસ્થિત વેશમાં શોભતાં.

ગૌરવર્ણ, ચશ્મા અને સુઘડ વ્યક્તિત્વ સૌનું ધ્યાન દોરતું રહ્યું. અરે 'મા' કે પૂ.શ્રીનો બેઝ પણ લગાડવાનું ના ભૂલે.

રક્ષાબંધને જાતે જ કાંતીને સુતરની રાખડી બનાવીને બન્ને ભાઈઓને વરસો સુધી મોકલતાં રહ્યાં.

વેકેશનમાં ઈતર સ્વજનોના પરિવારના વિદ્યાર્થીઓને પોતાને ઘેર ઉતારીને ખૂબ પ્રેમથી વાંચવા માટે તેડતાં. પ્રેમથી સૌને સંભાળતાં.

પૂ.શ્રી કર્પૂરવન પધારતા તો પોતાનું આખું ઘર ખાલી કરીને પોતે નાનકડી બાજુની ઓરડીમાં રહેવા જતાં. સંતપુરુષ માટે જાણે જીવનઘર ખાલી કરવાનું સત્કર્મ કર્યું.

દરરોજ પૂ.શ્રીને ચંદનતિલક પુષ્પમાળ અર્પણ કરી, આરતી ઉતારી વંદન કરતાં. અરે, પ્રવચન માટે પૂ.શ્રી બહાર જતા ત્યારે ત્યારે જે ગાડીમાં બેસવાનું હોય તે ગાડીનું પૂજન અચૂક કરતાં ને ગાડીમાં ભગવાન શિવજીના સ્વરૂપને પુષ્પે અર્પણ કરતાં.

૧૯૫૬-૫૭ની વાત. સુરત છાત્રાલયમાં આ 'મા' અને ભારતીબેન સાથે જ રહ્યાં. નાનકડી ભારતીનાં વસ્ત્રો ધોવાની જવાબદારી એટલે કેસરી રંગનો પેટીકોટ સીવડાવી દીધો. પૂ.બેન મળવા આવ્યાં. જોયું. તરત જ તે રંગનું વસ્ત્ર કઢાવ્યું. ને સફેદ ખાદીનો પેટીકોટ સીવડાવ્યો. પોતાનું બાળક પણ વ્યવસ્થિત જ જોઈએ ને !

ભરૂચ જીલ્લામાં વિશાળ જમીનસંપન્ન ખેડૂત. એટલે ત્યાં રહ્યાં. વાડી વચ્ચે ઘર એટલે રક્ષકરૂપે કૂતરો રાખવો પડે.

નામ તેનું ટીપુ. વૃદ્ધ થયો. લગભગ ૧૫ વર્ષ રહ્યો. કર્પૂરવન પણ તેને લાવ્યા. પ્રેમથી તેની સંભાળ લીધી.

એક રવિવારે 'મા' સુરતથી કર્પૂરવન આવ્યા તો ઓટલા ઉપર બેન ને રમેશચંદ્ર પાણીની ડોલ લઈને ઊભા હતા. ગંભીર મુખ હતું. 'મા' પૂછે કેમ આજે ગંભીર છો ?

કહે ટીપુએ આજે વિદાય લીધી. હમણાં જ તેના મૃત શરીરને ખાદીના ટુવાલમાં વીંટી તેને ગુલાબના પુષ્પો સાથે જમીનમાં પધરાવ્યો. હવે સ્નાન કરીશું.

પોતાને વફાદાર પ્રાણી માટે પણ સન્માન.

અન્યાય કરીને વિરોધી અભિનય ભજવતા વડીલ પથારીવશ થયા તો તેમને પોતાના ઘરે લાવીને મહિનાઓ સુધી સેવા કરી સ્વસ્થ કર્યા. આશીર્વાદ પામ્યા.

વિરોધીઓને સેવાથી જીતી લેવાનું શ્રેષ્ઠ સત્કર્મ.

પ્રેમ ને ક્ષમાનો મંત્ર જીવી બતાવી સેવાના સાધનથી સત્કર્મ સફળ કર્યું.

**—શ્રી'મા' સર્વેશ્વરી**



## ॥ પ્રેમલક્ષણા ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ : શ્રીશારદાબેન ॥

પૂજ્ય 'મા' સર્વેશ્વરીના સાંનિધ્યમાં સંત જગતના આદર્શોને જીવનમાં ઉતારનાર આપણાં સૌનાં વડીલ શ્રી શારદાબેન ઘણું સારું જીવન જીવી ગયાં.

બાલ્યાવસ્થાથી જ ધનસંપત્તિથી એઓ ક્યારેય વંચિત નથી રહ્યાં. એટલે એમનું આરોગ્ય પણ બાલ્યાવસ્થાથી ઘણું જ સુંદર એ જ સુંદરતા અને એ જ સૌષ્ઠવતા સાથે તેઓ ૯૩ વર્ષ જેટલું લાંબું જીવન જીવી શક્યાં.

એમનું જીવન ધન્ય જીવન. એમના જીવનની નિયમિતતા, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાભક્તિ જેવા ઉત્તમ ગુણો જે ગુણો આપણે જીવનમાં ઉતારવા જેવા એવું એમનું આદર્શ વ્યક્તિત્વ.

બાલ્યાવસ્થામાં અમારા કાલીમંદિરમાં પિતાજીના ઘરમાં ત્યારે બે મોટાભાઈ હતા. તેમની સાથે અમારા સદ્ગત ફોઈનાં ત્રણ બાળકો પણ એ જ ઘરમાં એમની સાથે જ બાળઉછેર થયો.

શ્રી શારદાબેનનું ખૂબ સુંદર, હૃષ્ટપુષ્ટ શરીર અને આકર્ષક એવું એમનું શરીરનું સૌષ્ઠવ. બધાં ભાઈઓ માટે એ પ્રિય હતાં. લાડકોડથી મોસાળમાં પણ મોટાં થયાં.

મોસાળમાં જ સાત ધોરણ (ફાઈનલ) સુધીનું શિક્ષણ છતાં કોઈ હાઈસ્કૂલના આચાર્ય તરીકે શોભી ઊઠે એવું એમનું વ્યક્તિત્વ. અરે કોઈ મોટા અધિકારી બની શકે. એવી કુશળતા, આવડત, ખુમારી હતી.

૧૭ વરસે લગ્નસંબંધે જે પરિવારમાં પ્રવેશ્યા ત્યાં ત્રણ કાકા ને તેનો પરિવાર એટલે કે સંયુક્ત કુટુંબમાં ૧૭,૧૮ સભ્યો. એમાં સૌથી મોટા પુત્રવધૂ શ્રી શારદાબેન ગણાયાં. છતાં ઉંમરમાં

તો નાનકડાં જ હતાં.

ભક્તસમાજના પ્રસિદ્ધ આગેવાન શ્રીધીરજરામ એ ઘરના મોભી. દાદાજી શ્રીધીરજરામ જૈનધર્મી શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત.

એટલે એ સંયુક્ત પરિવારમાં જૈનધર્મી ભોજન, ભક્ત સમાજનું પરંપરાગત ભોજન વિદ્યાર્થીઓ બાળકોનું અલગ ભોજન. ત્રણ-ત્રણ પ્રકારનાં ભોજન સવારે આઠ વાગે વિવિધ વાનગી સાથે પૂર્ણ ભોજનની થાળી સૌ માટે શ્રીશારદાબેન અન્નપૂર્ણા બનીને સૌને તૃપ્ત કરતાં રહ્યાં.

લાકડાના ચૂલા ઉપર ૧૭, ૧૮ સભ્યોના વિવિધ ભોજનના થાળ આ નાનકડાં શારદાબેન વડીલ બાની સહાયથી સૌને ધરતાં રહ્યાં. સૌને પ્રેમથી જમાડતા રહ્યા. સૌથી મોટા પુત્રવધૂ બનીને એ પછીની પેઢીના સૌ સભ્યોને અતિથિઓને આવકારવાનો આગ્રહ સાથે જમાડવાનો એક આદર્શ પૂ.બેન શીખવતા ગયા.

'ઓ ઈશ્વર ભજીએ તને
મોટું છે તું જ નામ'
એ પ્રાર્થનામાં પંક્તિ આવે છે
'પ્રભુ એટલું આપજે
કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઈ સુવે નહીં
સાધુ સંત સમાજ
અતિથિ ઝાંખો નવ પડે
આશ્રિત ના દુભાય
જે આવે મમ આંગણે
આશિષ દેતો જાય.'



આ પ્રાર્થનાના પ્રત્યેક અક્ષર પૂ.બેને જીવી બતાવ્યા.

ગૃહસ્થાશ્રમ શ્રીરમેશચંદ્ર સાથેનો ધન્ય ધન્ય ગૃહસ્થાશ્રમ હતો. એ આશ્રમમાં સૌ કોઈ સમાઈ જતા. સાધુસંતો તો ધીરજરામને આંગણે જ ઉતરતા પણ દાદાજીના મુસ્લિમ મિત્રો પણ પધારતા ને શ્રીશારદાબેનના હાથનું ભોજન પામતા.

એ પરિવારમાં આશ્રય લેનારા પણ ઘણા હતા. દાદાજી શ્રીધીરજરામના મિત્ર શ્રીમણીકાકા એ લોહીની સગાઈના સ્વજન ન હતા. દાદાજીએ આશ્રય આપ્યો તો જીવનભર એ સ્વજન શ્રી ધીરજરામની સાથે જ રહ્યા. જીવનભર સેવા પામ્યા. અરે ! ગૃહસ્થી મણીભાઈની દીકરીના મોસાળાં પણ આ પરિવારના શ્રીરમેશચંદ્ર-શારદાબેન દ્વારા જ થયાં. શ્રીમણીભાઈ જીવ્યા ત્યાં સુધી અહીં જ રહ્યા ને મૃત્યુના મંગલ દ્વારે પણ અહીંથી જ ગયા. આશ્રિતની હાશ પામ્યા.

બીજા આશ્રિત પણ એ જ પરિવારમાં શ્રી છોટુભાઈ માસ્તર. એ પણ લોહીની સગાઈના ન હતાં, છતાં રહ્યા. સૌની સંભાળ પરિવારના એક માત્ર પુત્રવધૂ તરીકે શ્રીશારદાબેને જ રાખી.

બૌદ્ધિક પ્રતિભાથી સંપન્ન બાળપણથી જ હતાં. છેક નાના. કર્પૂરવનની બાજુમાં નાનકડું ગામ ત્યાં કાકા રહે. ત્યાં આવ-જા કરીએ પણ રાત રહેવું ના ગમે. કાકા આગ્રહ કરે કે રહી જા. તો શારદાબેન કહે હું સ્કૂલમાં રજા પાડું તો મને ચાર આના દંડ થાય તે દંડ બાપુજીએ ભરવો પડે માટે મારાથી રાત ના રહેવાય.

પોતાને રાત રહેવું ગમતું નથી એટલે આ રીતે સમજપૂર્વક જવાબ આપી કુશળતાથી છટકી જતાં.

બાળપણથી જ પૈસાની ચીવટાઈ. તેવી વસ્ત્રોની પણ ચીવટાઈ. પસંદગીના ક્ષેત્રે તો કોઈ ના ફાવે.

મોટાભાઈ ઝામ્બીયાથી વસ્ત્રો મોટી મોટી ટ્રંક ભરીને લાવતા તો તેમાંથી પૂ.બેનને જ પહેલી પસંદગી કરવાની. નબળું તો ના જ ફાવે. ના જ ચલાવે.

જીવનભર વસ્ત્રોની પસંદગીમાં સાદાઈ-સુઘડતા. ઘરેણાં પણ સાદાં છતાં કિંમતી સુવર્ણ અલંકારોથી શોભતા. શ્રીશારદાબેને કદી એવું અહંકારનું પ્રદર્શન નથી કર્યું કે હું શ્રીમંત ઘરની દીકરી છું કે શ્રીમંત ઘરની પુત્રવધૂ છું.

અતિ પ્રેમાળ છતાં સ્પષ્ટવક્તા હતાં. કલાકાર પણ હતાં. સાસરામાં પણ દિવાળીના પર્વમાં મોડીરાત સુધી રંગોળી-સાથિયા પૂરતાં તો પરિવારના ત્રણે વડીલ બા એમને સહયોગ ધરતાં-સાથે જ જાગતાં ને રંગોળીમાં પણ સહાયક થતાં. મારા, તારાનો સાવકા કે પોતાનાના ભેદભાવ એમને નડ્યા નથી. સૌની સેવા ને સૌને પ્રેમ કરીને સૌને જીતી લીધાં હતાં.

‘સો શિક્ષક બરાબર એક માતા.’ એ વાત પણ એમના જીવનમાં જોવા મળતી. કોઈના પણ પત્ર કે લખાણ, ભજન કે પ્રાર્થનામાં જોડાણી કે ઉચ્ચારની ભૂલ અવશ્ય શોધીને આત્મવિશ્વાસ સાથે સૌને સ્પષ્ટ રીતે કહી શકતાં.

જન્માષ્ટમીનાં ભજનો હોય કે પ્રાચીન ગરબા હોય, મરણના અર્થસભર ગંભીર પદો હોય કે શ્રીમદ્ રાજચંદ્રની નિત્ય પ્રાર્થના કે કાલીમંદિરની ગાંધી આશ્રમની પ્રાર્થના બધું જ કંઠસ્થ હતું. કાલીમંદિરનો સંગીતનો વારસો એમણે જીવનભર કેળવ્યો.



સાદાઈ છતાં આચાર-વિચારની પરંપરામાં ગાંધીવાદીનો પ્રકાશ પથરાયેલો રહેતો. શ્રીમંતાઈથી મઢેલું જીવન છતાં જોતાં જ ઝૂકી જવાય તેવું જીવી ગયાં.

પ્રેમલક્ષણાભક્તિ એમના પ્રત્યેક વર્તનમાં દેખાતી. એ આદર્શ પ્રેમાળ માતાના આજ્ઞાંકિત પુત્ર જગદીપે માતાની બધી જ ઈચ્છા પૂરી કરી. માતા તરીકેનો પુત્ર પ્રત્યેનો પ્રેમ અને પુત્ર તરીકેનું વાત્સલ્ય સૌ સલામી ભરી શકે તેવું. શારદાબેનના આદર્શ જીવનનું દર્પણ એટલે જગદીપ.

કોઈપણ સંબંધે એમને ઓટલે જે જે ચઢ્યા તે તે કદી ભૂખ્યા ઉતર્યા નથી.

‘મા’ શ્રીસર્વેશ્વરીને પ્રભુપંથે સહયોગ ધરવામાં પણ એઓ આગળ જ રહ્યાં. ‘મા’ શ્રીસર્વેશ્વરીની સાધનાના શ્રીગણેશ શ્રી શારદાબેનના ઘરમાં જ મંડાયા. એ સાધનાના સાક્ષી બન્યાં. પોતાને ઘરે નવરાત્રિના પાણી ઉપરના ‘મા’ શ્રીસર્વેશ્વરીના આકરાં વ્રત જોયાં ને ભક્ત બની ગયાં.

પૂ.શ્રીયોગેશ્વરજી જેવા સમર્થ સંતને પોતાને આંગણે ખૂબ પ્રેમથી આવકાર્યા. પૂ.શ્રી પણ એમને ઓળખી ગયેલા શ્રીશારદાબેનનું આતિથ્ય પામી સંતના આશીર્વાદ પણ પામ્યાં.

એવા આપણા સૌના આદર્શ અનેકવિધ વિશેષતાથી શોભતાં શ્રીશારદાબેનને શત શત વંદન.

**–શ્રીસુશીલાબેન ભક્ત**

## ॥ શ્રીશારદાફોઈ એટલે અનેક વિશેષતાઓથી વિભૂષિત વ્યક્તિત્વ ! ॥

તેઓશ્રીની પ્રથમ અને સર્વશ્રેષ્ઠ વિશેષતા તો લોહીના સંબંધે પોતાના અનુજ બેન પ.પૂ.શ્રી'મા' સર્વેશ્વરીનો સંત તરીકે સ્વીકાર જ નહિ, એમને પ્રણમીને સન્માન ધરી, સત્કાર કરી, વધાવીને, તેઓની સર્વોત્તમ સેવાનો સુઅવસર પ્રાપ્ત કરી પોતે જ નહિ સમગ્ર પરિવારને ધન્ય કરી દીધો. હે ફોઈ ! આપની એ અનોખી વિશેષતાને સાદર વંદન.

આટલી મોટી ઉંમરે પણ તેઓને કેવટ અને શબરીનો પ્રસંગ તો કંઠસ્થ હતો અને એ તેમના નિત્યપાઠનો એક ભાગ હતો. ઉંમરના કારણે હવે દળદાર પુસ્તકોનું વજન નથી સહન થતું એવો સૂર સંભળાતાં જ પૂ.શ્રી'મા'એ તેઓ માટે મોટા અક્ષરવાળા પુસ્તકને ખરીદીને તેને ઊંચકી શકાય તેવા ભાગ કરી સરસ બાઈંડીંગ કરાવી તેમના માટે મોકલ્યું. જેથી સદ્ગ્રંથનું વાંચન સ્થગિત ના બને. તો પૂ.શ્રી'મા'નો પણ સામે તેઓના પ્રતિ એવો અનોખો પ્રેમ હતો. પરિણામે છેવટ સુધી એમનું સદ્ગ્રંથોનું વાંચન પણ ચાલુ જ રહ્યું. ઓનલાઈન થતા સત્સંગ કે ભજનોના કાર્યક્રમોમાં પણ ભાગ લેતાં રહ્યાં. તો વળી, વિવિધ ભજનોને સુંદર રાગમાં પણ ગાતાં રહ્યાં.

પૂ.શ્રી'મા' કર્પૂરવન પધારે તો વસ્ત્રોની સેવા માટે તો ઈલાબેન, સરોજબેન ને દમયંતિબેનનાં જ નામ હોય ! પણ એક વખત બેન ભાવિની અને જયુને પૂ.શ્રી'મા'નાં વસ્ત્રો ધોવાની સેવાની તક મળી. અમારું બાળમાનસ એટલે પૂ.શ્રી'મા'નાં વસ્ત્રો છે, મન મૂકીને સાબુ વાપરવાનો, ફીણ કરવાનું ને વસ્ત્રો ધોવાનાં. અમારી એ પ્રવૃત્તિ જોઈને ફોઈએ ખૂબ પ્રેમથી અમને સમજાવ્યું કે પૂ.શ્રી'મા'ના વસ્ત્રો પ્રતિ તમારો પ્રેમભાવ ઘણો સારો છે, ફોઈ કંજૂસ છે એટલે વધારે સાબુ વાપરવાની ના પાડે



છે એવું ના માનશો પણ જરૂર કરતાં વધારે સાબુ વાપરો એટલે એ કાઢવા વધુ પાણી વપરાય અને જો સાબુ વસ્ત્રોમાં રહી જાય તો તે કડક થાય અને ત્વચાના રોગ પણ નોતરી શકે. તો સેવા કરતાં કદાચ કુસેવા થવાનો સંભવ રહે. સંતની સેવામાં પણ વિવેક અને જાગૃતિ કેળવવાની કેવી સુંદર શીખ ! આજે પણ અમારા મન-મસ્તિષ્ક પર એવી જ અકબંધ જડાયેલી છે.

પૂ.શ્રી'મા'ની સેવામાં વપરાતી નાનામાં નાની વસ્તુને કેવી રીતે કલાત્મક બનાવવી તેની આગવી સૂઝ તેઓની પાસે હતી. એના ભાગરૂપે એકવાર મને પૂ.શ્રી'મા' માટે વાપરવાના સફેદ રૂમાલ પર કંઈ ભરતકામ કરવા માટે કહ્યું. સ્કૂલમાં ત્યારે સિવણનો વિષય હતો એટલે આવડી ગયું. ફોઈને ગમ્યું પણ ખરું. પણ ત્યાં સુધી જ એ વાત સીમિત ન રહેતાં તેમણે પૂ.'મા'ને પણ જણાવ્યું કે આ જયુએ ભર્યું છે અને નાનકડી મને યાદ રાખીને પીઠ થાબડીને કહી ગયાં કે તારા ભરેલા રૂમાલ બધા પૂ.'મા'ને બહુ ગમ્યા. નાનકડા કામને પણ સરાહવાનું તેઓ ભૂલતાં નહિ. પોતાના આંગણાને વિવિધ ફૂલોના બાગથી સજાવવાનું તો તેમને ખૂબ જ ગમતું અને તે પાછળ પરિશ્રમ પણ કરતાં રહેતાં. તો વળી, એ વિવિધ ફૂલોથી ઘરમંદિરને પણ સુંદર રીતે સજાવતાં રહેતાં.

સૌને તાજું, ગરમ અને સ્વાદિષ્ટ ભોજન બનાવીને પ્રેમાગ્રહથી પીરસવાની તેઓની આગવી વિશેષતાથી તો સહુ કોઈ પરિચિત છીએ જ.

શ્રીશારદાફોઈની આવી સર્વ વંદનીય સુવાસિત વિશેષતાઓની સુગંધથી તેઓ સર્વદા આપણી વચ્ચે જ મહેકતા રહેશે.

હે 'મા' ! હે પ્રભુ ! એમની અંતિમયાત્રાને મંગલમય બનાવી યાત્રાના ગંતવ્ય—આપ સુધી પહોંચાડજો.

**—શ્રીદમયંતી, જયુ**

## ॥ શ્રીશારદાબેનનાં જીવન અંગે થોડી વાતો ॥

શારદાબેનનો જન્મ જે કુટુંબમાં થયો તે, કાલીદાસદાદાનું કુટુંબ અને જે કુટુંબમાં એમનું લગ્ન થયું તે ધામણ ગામના શ્રીધીરજદાદાનું કુટુંબ-બંને પરિવારો દેશપ્રેમી, શિક્ષણપ્રેમી અને આઝાદીના રંગે રંગાયેલા અને એમના સમયથી ઘણા આગળ, અને પ્રગતિશીલ વિચારસરણીવાળા હતાં.

શારદાબેનનું પ્રાથમિક શિક્ષણ મોસાળનાં ગામ બાજીપુરામાં અને પછી કપૂરામાં થયું. કાલીદાસદાદા અને ભીખીબા બંને સ્વતંત્રતા ચળવળના હિમાયતી એટલે શારદાબેન પણ એમના પગલે જ્યારે જ્યારે અંગ્રેજ સરકાર સામે કોઈ સરઘસ, દેખાવો કે પિકેટીંગની પ્રવૃત્તિ હોય તેમાં સક્રિય ભાગ લેતાં. એમના લગ્ન પછી ધામણના સંયુક્ત કુટુંબમાં સૌથી મોટાં પુત્રવધૂ તરીકે ૧૨-૧૩ વર્ષ રહ્યા બાદ તેઓએ રમેશચંદ્ર સાથે ભરૂચ જિલ્લાના પાંચસીમ ગામની જમીન (જે વિસ્તાર ''રાજ''ના હુલામણા નામથી જાણીતો હતો અને છે.) ના વહીવટની જવાબદારી લીધી. જમીનનો વિસ્તાર ઘણો મોટો એટલે રમેશચંદ્રની સાથે કામદારોની વ્યવસ્થા, કામની દેખરેખ ઉપરાંત શારદાબેન ટ્રૅક્ટર ચલાવીને ખેતરો ખેડવાની કામગીરી પણ કરતા.

મારા જાહેર જીવનની શરૂઆત ૧૯૭૧-૭૨માં થઈ અને તે જ સમયે શારદાબેન અને રમેશચંદ્ર પણ એમની પાંચસીમની જમીન વેચીને કપૂરા સ્થાયી થયાં. શ્રીરમેશચંદ્ર પણ ઘણા વખત સુધી જાહેર જીવનમાં રહ્યા હતા એટલે મારા પ્રત્યે એમને વિશેષ ભાવ, ચિંતા રહેતી. મારા વ્યારાના કામ માટે ઘણીવાર મોડી



રાત્રે કપૂરા આવવાનું બનતું. બીજે દિવસે સવારે બસ સ્ટૅન્ડ પાસે રમેશચંદ્ર ઊભા જ હોય. પૂછે, ''કેમ હસુ રાત્રે બે વાગે તારી મોટરબાઈક ગામમાં ગઈ'—બહુ મોડી રાત્રે કામ અંગે બને તો ન જવું. એવી મીઠી, ચિંતાસભર ટકોર કરી લેતા. મને કોઈ કામ સોંપ્યું હોય તો તે અંગે ખૂબ જ ધીરજ રાખતા. વારંવાર ''કેટલે આવ્યું કામ ?'' એવી પૂછપરછ ન કરતા. પ્રેમાળ સ્વભાવ, ધીરજથી શોભી રહેતો. એમના ઘેરથી કોઈ પણ વખત નાસ્તો, ફળ કે કોઈ વાનગી લીધા વગર જવા ન દે એવા આગ્રહી.

રમેશચંદ્ર પાસેથી હંમેશાં ઘણા પ્રશ્નોના સુખદ નિકાલ મળી રહેતા, બેનનું પ્રેમાળ વ્યક્તિત્વ, બંને શાંતિથી આપણી વાતો સાંભળે, સલાહ આપે અને સમાધાન માટે ઉકેલ બતાવે એટલે જ ગામના બંને ફળિયાના લોકો, ''રમેશચંદ્રને ત્યાં જવાના'' એમ કહેવાને બદલે ''અક્કલ ટેકરીએ જવાના'' એમ કહેતા.

શારદાબેનની સૌને માટેની શુભ ભાવના, એ તો એમના પિતા શ્રીકાલીદાસદાદાનો સંસ્કારવારસો હતો. શારદાબેને ઘણું લાંબું જીવન પસાર કર્યું એમ નહીં પણ કાલીદાસદાદાના સંસ્કાર વારસાથી સુશોભિત યજ્ઞરૂપી જીવન જીવી ગયાં એમ કહેવાય.

**—શ્રીહસુભાઈ ભક્ત (કર્પૂરા)**

અંતઃકરણને રાગ, ખેદ કે શોક ઉપજાવનારી સામગ્રી પ્રાપ્ત થયા છતાં પણ જ્યારે તમારું અંતઃકરણ લેશ પણ ક્ષોભ ન અનુભવે ત્યારે જાણવું જે હવે તમારા હૃદયમાં અનન્યભક્તિએ પ્રવેશ કર્યો છે.

**—નાથ ભગવાન**

# ॥ વિવિધ સ્મરણો વિવિધ સ્વજનોનાં ॥

છેલ્લા છ મહિનાથી પૂ.માસી હ્યુસ્ટનમાં રહેવા આવ્યાં. લગભગ ગુરુવારે જ મળવા જવાનું બને. પૂ.માસી પોતે તો વ્હીલચૅરમાં છતાં જઈએ એટલે કંઈક ને કંઈક તો ખવડાવે જ. મારે ગુરુવાર હોય એટલે કશું ખવાય ના એટલે એકવાર પ્રેમથી માસી કહે બેન, તારે ગુરુવારે મને મળવા ના આવવું, તું કંઈ લે ના તે મને ના ગમે.

કેવો પ્રેમ કોઈ ખાધા વિના જાય તે ના ગમે. ગુરુવાર હોય છતાં માસી કંઈક ને કંઈક તો આપે જ. કે કાલે ખાજે સાથે મારા માતા-પિતા માટે પણ કંઈક આપે જ.

**–શ્રીક્ષિપ્રા**

✻

અમે ૧૯૮૭માં કર્પૂરવન પહોંચ્યાં. મારી નાની દીકરી પ્રેરણા ૩ વર્ષની. એ દીકરીએ બસમાંથી રડવાનું ચાલુ કરેલું; બંધ જ ના થાય. કર્પૂરવન શારદાબેનને ત્યાં પહોંચ્યાં તો પણ રડવાનું ચાલું. બેને પૂછ્યું કેમ રડે છે ? મેં કહ્યું આજે બસમાં કોઈકના હાથમાં બટાકાની ચીપ્સ જોઈ; એને તે જોઈતી હતી, પણ અમે તે કેવી રીતે આપીએ ?

બેન કહે એમાં શું ? ચાલો આપણે અત્યારે જ બટાકાની ચીપ્સ કરી દઈયે અને પૂ.બેને તરત જ એક નાના બાળકને રડતું છાનું રાખી દીધું.

આળસ નહીં બાળક પ્રત્યેનો પ્રેમ. તરત જ બનાવીને હાશ ધરી દીધી.

**–શ્રીસરોજબેન**

✻

અમે બધાં કેનેડાના વનવિશ્રામમાં હતાં. શ્રીશારદાબેન પણ લાભ લેવા આવ્યાં હતાં. બેન માટે અમે સાડી ઉપર ભરતકામ કર્યું. બેને તે સાડી પહેરી. ગમી પણ તે સાડી બે વરસ પછી મને યાદ કરીને અમેરિકાથી મોકલી.



હે ગીતા, મારાથી હવે આ સાડી પહેરાતી નથી. હવે તું આ પહેરજે.

એકવાર 'મા'ના ફળાહારમાંથી એક કેળાનો પ્રસાદ પાછો આવ્યો. પૂ.બેને અમે સાત સ્વજનો હતાં તો એક જ કેળાના સાત ભાગ કર્યા ને સૌને વહેંચ્યા.

વહેંચીને ખાવાની આ ટેવ.

**–શ્રીગીતા લાડ**

✻

વરસો પહેલા હું તો લગ્ન કરીને કર્પૂરવનમાં પરમાર્થી પરિવારમાં આવી. છેક નવી હતી. તો શારદાફોઈએ શીખવાડેલું.

પૂ.'મા'નાં વસ્ત્રો જે તાર ઉપર સુકાતાં હોય તે તારને ઓળંગવો નહીં તે તારનાં વસ્ત્રોને આપણું માથું કે માથાના વાળ ના અડવા જોઈએ.

પૂ.'મા'નાં વસ્ત્રો માટે કેવો ભાવ !

છેલ્લા છ માસથી હ્યુસ્ટન હતાં તો હું મળવા જતી તો પ્રણામ કરું એટલે હાથ પકડીને પાસે બેસાડે ને કહે;

તું મારું સાંભળે છે માટે કહું છું. તું 'મા'ના ફળાહારની સેવા કરે છે તો કેવી રીતે કરે છે ?

જો, લીલું નાળિયેરનું કોપરું, દ્રાક્ષ, કેળાંને આ રીતે સમારીને તેમાં લીંબું નાંખીને વિવિધ રીતે આપજે.

આવી તો ફળો સાથેની અનેક વિવિધતા સમજાવે ને પાછાં મળીએ ત્યારે પૂછે તેં 'મા'ને આ રીતે આપેલું ?

**–શ્રીદક્ષા પરમાર્થી**

✻

અમે ૧૯૮૫માં જગન્નાથપૂરીની યાત્રા કરી. લગભગ ૨૦ ભક્તો કર્પૂરવન પહોંચ્યાં તો પૂ.શારદાબેને અમને સૌને તિલક કરી ગુલાબના ફૂલ આપી વધાવ્યાં.

ને મનગમતાં ભોજન જમાડ્યાં. મોડી રાતે સત્સંગ પછી

પાછી નવી વાનગી ગરમ બનાવી સૌને ખૂબ આગ્રહ કરી પ્રેમથી ખવડાવી.

—શ્રીવિનોદભાઈ

✻

૧૪ વર્ષ પહેલાં નવી મોટલ લીધી. શારદાફોઈને મળવા ગયાં તો તેમણે ૩ ફળના નાના નાના છોડ આપીને કહ્યું લે તારા વાડામાં ફળોના છોડ બનાવ. (રાયણ, ફાલસા, આંબલી) ખાજો ને ખવડાવજો અમે પ્રેમથી તે છોડ લાવ્યાં ફોઈને યાદ કરીને વાડામાં રોપ્યા મોટા કર્યા તે તો વૃક્ષો બની ગયાં. અમે ખાધા અને ફોઈને પણ ચખાડ્યાં. સૌ સ્વજનોને પણ ખવડાવ્યાં; તે ફળ !

—શ્રીમહેન્દ્રભાઈ

✻

પૂ.શારદાફોઈની અનેક વાતો જાણે આજે અમારા માટે સંભારણું બની ગઈ.

પ્રિય ફોઈ સાથે કોઈ લોહીની સગાઈ ન હતી. છતાં જાણે એનાથી વિશેષ પ્રેમ અમારાં સૌના ઉપર રાખતાં. ઘણાં વરસો પહેલાંની વાત. ફોઈએ એમના માટે સફેદ સાડી ઉપર પોતે સાડીમાં ભરતકામ કર્યું હતું તે સાડી મારા માટે ભારત પહોંચાડી અને જણાવ્યું કે આમાંથી તને ગમે તેવા ડ્રેસ સીવડાવી ને પહેરજે, કેવી વિશેષતા ! કોને, ક્યારે, કોની સાથે અને કેવી રીતે તે પહોંચી શકે અને યોગ્ય વ્યક્તિ કે જે તે વાપરી શકે એવી સૂઝ એમનામાં હતી અને તે આ વાત ૨૦૦૫ની પણ આજે પણ હું એ ડ્રેસ પહેરું છું ! વસ્તુની કદર કરે તે વ્યક્તિ સુધી તે પહોંચે તો તે વાપરી શકે. એવી એમની ભાવના હતી.

તેમને બીજાના દુઃખ પ્રત્યે ખૂબ જ અનુકંપા, બીજાનાં દુઃખ જોઈને તરત જ દ્રવી ઊઠે ઋષભના લગ્નપ્રસંગે ગીતો ગવાતા હતા ફોઈ વીડિયો કૉલ (ફોનદ્વારા) જોતા હતા મારી આંખોમાં પાણી જોયાં (ફોનથી) તો તરત જ મીરાંને ફોન ઉપર કહે છે કે આપણી ગાયુનાં આંખમાં પાણી આવે એવા ગીત નથી ગાવાનાં.

—શ્રીગાયુ ભક્ત



# ॥ મારાં બા : શારદાબેન ॥

મારાં 'બા' ૯૩ વર્ષના સરસ જીવન બાદ ૨૧ મી એપ્રિલે દેવલોક થયા, અને શ્રી મા-પ્રભુના ચરણોમાં આનંદ પામ્યા છે. એમની અનેક યાદો, વિશેષતાઓ યાદ આવે છે.

ઠસ્સાદાર સાદગી

એકદમ સાદાં, પરંતુ પ્રભાવશાળી અને વ્યવસ્થિત વસ્ત્રોમાં હંમેશાં શોભી રહેતાં. ઘરેણાં પણ થોડાં જ, દેખાડો તો નહીં જ. વસ્ત્રોની ધોલાઈ, અને સફેદાઈની પણ અત્યંત ચીવટાઈ છેવટ સુધી જાળવી રાખી.

નિયમોમાં નિયમિતતા

સવારના નિત્યક્રમ પછી એમના દરરોજના પ્રાર્થનાના નિયમ. અનસ્ત સૂર્ય ગ્રંથનું એક પ્રકરણ, શિવમહિમ્નસ્તોત્ર, રામાયણનાં શબરી તથા કેવટના પ્રસંગોનું પારાયણ, માળા, શ્રી વિષ્ણુ સહસ્રનામ ઈત્યાદી નિયમો પૂર્ણ થયા પછી જ અન્ન લેવું, એવો નિયમ તેમણે એમની વખતોવખતની માંદગી દરમ્યાન પણ જાળવી રાખ્યો. અમારો આગ્રહ કે થોડી અશક્તિ છે તો થોડું ખાઈ લો, અને પછી પ્રાર્થના, પાઠ કરો. પણ ના, નિયમ એટલે નિયમ.

આત્મવિશ્વાસ

આત્મવિશ્વાસના બલથી શરીરની ક્ષમતાને હંમેશાં બળવાન બનાવતાં રહેતાં. ઘણાં વરસોથી ઘૂંટણના સાંધાની બિમારી હતી. ચાલવામાં મુશ્કેલી પડતી, પગથિયાંઓની ચઢ-ઉતરમાં તકલીફ થતી તેમ છતાં જ્યારે જ્યારે શ્રી વિનોદભાઈને ત્યાં (ન્યૂજર્સી) જવાનું બનતું ત્યારે પૂર્ણ આત્મવિશ્વાસથી દુઃખને નીચે મૂકી, બે

દાદર ચઢીને અવશ્ય જતાં. એમના ડૉક્ટરે જ્યારે લાકડીનો સહારો છોડીને પૈડાંવાળું "વૉકર" વાપરવાની સલાહ આપી. ત્યારે પણ ઘણા દિવસો સુધી લાકડીના સહારે ચાલતાં રહ્યાં. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જ્યારે તેઓ વ્હીલચૅરમાં હતા ત્યારે પણ એમના ફીઝીઓથેરાપીસ્ટને કહેતા કે, "મારે તો વ્હીલચૅર છોડીને "વૉકર" લઈને ચાલવું છે." અને એ માટે તેઓ ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક પ્રયત્નો કરતાં. જાણે અમને દૃષ્ટાંત દેતાં કહેતાં ન હોય કે, કોઈપણ પરિસ્થિતિમાં સકારાત્મક વિચારોથી ઈચ્છાશક્તિને મજબૂત બનાવી, શરીરને પ્રતિકૂળતામાંથી અનુકૂળતા માટે તૈયાર કરતાં રહો.

ફૂલ-ફળ-બગીચો

બગીચો બનાવવો અને એની યોગ્ય માવજત કરવાનો જાણે એમનો એક શોખ, દૈનિક ક્રમ એમણે કર્પૂરવનમાં જાળવી રાખ્યો હતો. કર્પૂરવનના ઘરના બાગમાં કેટલીયે જાતના રંગ-બે-રંગી ફૂલ છોડ, જેમાં લાલ, સફેદ, ગુલાબી, પીળાં ગુલાબ, ચંપો, ચમેલી અને ફળનાં ઝાડ જેવાં કે, કેરી, રામફળ, સફેદ જાંબું, જમરૂખ ફાલસા અને કાંકણ સહિત લગભગ ૨૨ પ્રકારના ફળફૂલની વિવિધતાઓ એમના બાગમાં હતી.

વિઠ્ઠલમામા જ્યારે આફ્રિકા (ઝામ્બિઆ) થી આવતા ત્યારે તેઓ પણ શારદાબેન માટે કંઈક નવીન ફળ કે ફૂલનાં બી લાવતાં, અને 'બા' એ છોડને પૂરી માવજતથી ઊગાડતા.

તાજાં શાકભાજી માટે પણ ઘરના પાછળના ભાગે ભીંડા, ટીંડોરા, રીંગણ, ટામેટાં, રતાળુ, સૂરણ પાપડી, કંકોડાં વગેરે શાકભાજી ઊછેરતાં. બા અને બાપુજીનો એ રોજનો નિયમ કે સવારે ખૂબ વહેલાં ઊઠીને પ્રાર્થના-પૂજા કરીને બંને જણા આગળના બગીચામાં સફાઈ કામ, નીંદામણ, તેમજ ફળ-ફૂલના છોડની જરૂરી



માવજત કરતાં તેમજ પાછળના શાકભાજીના બગીચામાંથી તાજાં શાક-ભાજી ઊતારી ને પછી રસોઈ કરતા. બાપુજીનો એ ક્રમ તો એમના અમેરિકાનિવાસ દરમ્યાન પણ યથાવત્ રહ્યો. તેઓ કહેતા કે, "દિવસમાં બે વખત જમીન બગીચામાં કામ કરીને પરસેવો ન થાય તો, તે દિવસ નકામો ગણાય."

વહેંચવાનો આનંદ

કંઈક નવું શાક, ફળ કે વાનગી હોય તો. તે આવનારને તો ચખાડે જ, પરંતુ ગામમાં પણ મોકલતાં. નવું નવાઈનું કોઈ ફળ હોય તો એની નાની નાની ચીરીઓ કરી ઘણાંને ચખાડતા. પોતાના બાગમાં થયેલ ફાલસા, કે ફાલસાનું શરબત પણ બનાવતાં અને ગામમાં કોઈ બીમાર હોય તો તેમને ઘેર પણ એ શરબત બાપુજીને કે મને આપવા મોકલતા. એમના કાકી દિવાળીબા, કે ફૂલીબા તો ઘણીવાર એમ કહેતાં કે હવે બપોર થઈ, શારદાને ત્યાંથી રમેશચંદ્ર શરબત લઈને આવશે.

ગરબા-ભજન-રંગોળી

ભજન, ગરબા તો કંઠસ્થ. ધામણ ગામના ઘણા વડીલો પણ મને કહેતા કે શારદાબા અમને ગરબા શીખવતાં અને ઉત્સવના દિવસોમાં સરસ રંગોળી કરતાં અને શીખવતાં. વળી ભરૂચ જીલ્લાના વાલિયા તાલુકાના પાંચસીમ ગામમાં અમારું એક જ ઘર, નજીકમાં ખેત મજૂરોનાં ઘરો, જે લોકો અમારી જ જમીનમાં કામ કરે, તેઓનાં બાળકો માટે નજીકમાં નિશાળ નહીં એટલે બાળકોને ઘરના ઓટલે ભીંત ઉપર કાળો કલર કરી, બ્લેકબોર્ડ બનાવી બાળકોને અને મને પણ અંકો અને કક્કો-શીખવતાં. ૨૦૨૧-૨૨ દરમ્યાન કર્પૂરવનના વડીલોનાં ભજનોનો કાર્યક્રમ ગામના ઉત્સાહી વર્ષાબેન તેમજ એમના

ભાઈ જીતુભાઈ મારફતે ''ઝૂમ''ના માધ્યમ થી ઊજવાયો. તેમાં શારદાબાએ પણ ૯૦ વર્ષની ઉંમરે થડકાટ વિના સરસ ભજનો રજુ કરેલાં.

વ્યવસ્થિતતા અને યાદશક્તિ

એમની વ્યવસ્થિતતા એવી કે એમના બેડ પાસેના ટેબલ ઉપર એમની પાણીની બોટલ, દવા કે અન્ય વસ્તુઓ જરાય ડાબે-જમણે આગળ-પાછળ ન હોય. અમારાથી દિવસ દરમ્યાન કંઈક આમ તેમ થઈ જાય તો રાત્રે સૂતાં પહેલાં તેઓ એમની રીતે ફરીથી વ્યવસ્થિત ગોઠવી દેતાં. એમની યાદશક્તિ અદ્‌ભુત હતી. ભારતના ફોન નંબરો પણ યાદ અને એમના ફોનથી તેઓ નંબર ડાયલ કરે ને બધાં સાથે સંપર્કમાં પણ અચૂક રહેતાં. ઘણા વર્ષો પછી અમેરિકાથી કર્પૂરવન ગયાં તો એમને યાદ કે આ કબાટમાં આ ખાનામાં પાંચ જોડી ચાદરનો સૅટ છે, અથવા આટલા થાળી, વાટકા, પ્યાલા આ બોક્સમાં પૅક કરીને આ જગ્યાએ રાખ્યાં છે અમેરિકામાં પણ એમના કપડાં એટલાં જ વ્યવસ્થિત રાખતાં. અમુક પ્રકારનું કાપડ એના ઉપર અમુક જ રંગ કે ડિઝાઈનનો આગ્રહ. રાજકોટનાં સ્તુતિબેન ખાસ બા માટે સાડી ઉપર હાથે ડિઝાઈન દોરી તેમજ તેમાં રંગ પૂરી આપતાં.

છેલ્લા ૨૦-૨૨ વર્ષોથી બા અને બાપુજી બંનેએ એમનાં ''અંતિમ સમયનાં કપડાં'' એક અલગ થેલીમાં લૅબલ મારીને તૈયાર રાખેલાં, અને જ્યાં જતાં ત્યાં સાથે લઈ જતાં. કપડાંની ચોક્કસ પ્રકારથી ધોલાઈ, સફેદાઈ અને ઈસ્ત્રીદાર કપડાંના ખૂબ જ આગ્રહી હતાં. એવી જ સુઘડતા અને આદરથી દરેક પુસ્તકની પણ જાળવણી ! તેમજ પુસ્તકોને પણ કોઈક અલગ થપ્પીમાં જ રાખવાની પણ ચીવટાઈ રાખતાં. એમની દરેક



દવાઓનાં નામ, તેમજ તે દવા શાને માટે છે, અને એ કયા ડૉક્ટરે લખી આવી છે તે બધી જ વિગતો તેઓ જાણતાં અને યાદ રાખતાં અને એ લીસ્ટ તેઓ ગુજરાતીમાં લખીને રાખે. ડૉક્ટરની વિઝીટે જતાં કે ડૉક્ટર ઘેર આવતા તો, બા એમના પ્રશ્નોની યાદી બનાવી રાખતાં.

આતિથ્યભાવ

અમારા ઘેર જેઓ પણ આવ્યાં હશે તેઓને તો અનુભવ હશે જ કે સૌને તેઓ ખૂબ પ્રેમથી આવકારતાં, જમાડતાં, કે નાસ્તો અવનવા ફળનો પ્રસાદ કે પૂ.શ્રી'મા'નો સ્વર્ગારોહણનો પ્રસાદ પણ પ્રેમપૂર્વક આપતાં. રસોઈ પણ સ્વાદિષ્ટ અને ઝડપથી બનાવતાં. અચાનક મહેમાન આવે તો થોડા જ સમયમાં ભોજન બનાવીને આગ્રહપૂર્વક જમાડવામાં નિપુણ હતાં.

શ્રીયોગેશ્વર પ્રભુ અને શ્રી 'મા' પ્રત્યે અનન્ય ભક્તિભાવ

પ્રભુજીની કર્પૂરવનની ત્રણેય યાત્રાઓ દરમ્યાન અમારાં બા-બાપુજીને એમના યજમાન બનવાનું ભાગ્ય પ્રાપ્ત થયેલું, તેઓએ એમનું એ કર્તવ્ય યથાસમજપૂર્વક ખૂબ સરસ રીતે અદા કર્યું. ગામની બહાર અમારું ઘર એટલે (ત્યારે તો) વાતાવરણ એકદમ શાંત. આખું ઘર સાબુથી ધોઈ અને પ્રભુજીને કોઈ ખલેલ ન પડે એ હેતુથી બા-બાપુજી ઘરની બાજુની ઓરડીમાં રહેતાં. પૂ.શ્રી'મા' પણ સાધના વિદ્યાલયની કામગીરી દરમ્યાન શનિ-રવિ સુરત થી કર્પૂરવન આવતાં તો ઘરના માળ ઉપર પૂ.શ્રી'મા'ને એમની સાધના માટે યોગ્ય સગવડ કરતાં, જેથી વહેલી સવારેથી જ શ્રી'મા' એમની પ્રાર્થના-જપ શાંતિપૂર્વક કરી શકે. શ્રી'મા'ના તે વખતના ભોજનના નિયમો અનુસાર તાજી વાનગીઓ પણ શ્રી'મા' માટે પ્રેમપૂર્વક બનાવતાં અને પ્રેમાગ્રહથી જમાડતાં.

સાધક ભાઈ-બહેનો

શ્રી મા-પ્રભુ પરિવારનાં સૌ, નાનાં મોટાં, કે બાળ સાધકો પ્રત્યે અત્યંત આદરભાવ; તેથી જ શારદામાસી, કે શારદાબેન સૌને એમના વિશિષ્ટ પ્રેમના દોરે બાંધી લેતાં. શ્રી'મા'-પ્રભુ પરિવારનાં સૌને માટે તેઓ એક શ્રેષ્ઠ યજમાન બની રહ્યાં. એમ કહેવું અસ્થાને નથી.

શ્રી'મા'-પ્રભુની કૃપા

શ્રી'મા'-પ્રભુના કૃપાપાત્ર એટલે જ એમના જીવનના છેલ્લા શ્વાસ સુધી સંપૂર્ણ સ્વસ્થ, સજાગ અને શાંત રહી શક્યાં. શ્રીગંગાજીનો જળપ્રસાદ નિયમિતરૂપે દરરોજ ગ્રહણ કરતાં. એમની વિદાયની આગલી રાત્રે જ્યારે પણ એમણે પાણી માગ્યું ત્યારે શ્રી મા-પ્રભુની પ્રેરણાથી એમને મેં ગંગાજળ જ પીવડાવ્યું.

પ્રેમાળ અસંતોષ

સગાં, મિત્રો કે સાધકો મળવા આવે અને જ્યારે જ્યારે જાય ત્યારે એમનો પ્રેમાળ અસંતોષ બોલી ઊઠે, કે 'તમે તો મારી સાથે બહુ બેઠાં નહીં, થોડા જ દિવસો રહ્યાં, હજી રહી જાવ ને ! વળી ભોજન વેળા પણ, કેમ બહુ જમ્યા નહીં, થોડું આ લ્યો, એમ કરી આગ્રહપૂર્વક જમાડતાં. અમારાં બાળકોનો પણ ફોન આવે તો પહેલો સવાલ એ જ હોય કે, આજે શું જમ્યા ?'

એટલે જ લખ્યું છે ને કે,

'ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ
સરખો એ પ્રેમનો પ્રવાહ જો.
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.'

—શ્રીજગદીપ ભક્ત,
શ્રીનયના ભક્ત



# ॥ Once in a life time moment ॥

It had been 3 years since Maa came to USA so as soon as we heard that Maa is 7 to come this year. there was a huge excitement and anticipation and we were eagerly :o meet Maa Then came a WhatsApp message from Vinukaka with the details of Satsang with Maa I was ove-the moon and literally started dancing and immediately told Shikha that we should wa also as excited as me and we read all the plans for that Saturday except of to 11.'e f-alicet bhafs place to meet Maa. However. as always Maa tests our 'bhakti' and checks how su: faith is. We had a small problem. Shikha had a surgery already scheduled just a day before April 7th Friday. It was for Wisdom teeth removal and not 1 or 2 but 4 wisdom teeth removs-'ew together. And usually. from what we heard from others, it is very painful and rec, rest, We were praying to Maa that everything goes well. So Friday morning at 10 am started and it lasted for 45 mins after which doctor called me inside. Vvnen Mahe inside to see her, she was in a really bad state. She was sedated but conscioLs ar in a se pain. We went home after a while and got her medicines and she rested that v. e day I WE: S. constantly praying to Maa that she can get well by next day because we had to :n .= 2— way and we may be there for atleast 4-5 hours. And as Always, Maa takes care of us - -2

- -z our prayers. She was feeling better and we went_- The satsang had already started wt but immediately we saw that there was construction or renovation work going on at ialeoge and we saw a big tent established just outside in their backyard. Even ins#c- - looks like some renovation work going on. So at the first sight, it looked so unbe ti that inspite of the work going on. this satsang was planned there on a huge scale a facilities were so comforting for all the devotees who attended the satsang. Hat's off tc and ofcourse to Maa for her blessings. The Satsang timings were 4-8 but it contint and we were all so lucky to have spent that much more time wir, iaa The Satsang was 'pea.: Many people shared their experiences with and about Maa. There were videos shown of Maa walking barefoot It was so inspirational During pandemic. I gained a tot of weight and seeing those videos of Maa being so energetic and working so hard inspite of fasting for so 1: was just beyond my belief and it inspired me so much that after going back home next day oe: t7 start fasting. I have decided to only eat food once a day My mom and Maa, both have beE.- - inspiration to me so I thank the for this decision and I hope their blessings give me sire- .. m am able to continue this forever So while the Satsang was about to be over, since we were inside the house, Shikha and I offered help in preparation for food for all the guests and Madhav was playing with other kids. Then the Satsang was over and everyone stood in a big line to get blessings from Maa, There were to many people so it was very quick for everyone. Just see Maa for a brief moment, get Prasad and move along to give opportunities for others in line. Now it was our turn. We waited in line. There was a beautiful dhun sung by some of the devotees up front with nice music. It was such a serene atmosphere. The sine started moving and we were almost there. Now it was our turn and we did pranam and we were so happy to see Maa. Then something unbelievable happened. Maa called Madhav towards her and gave him chocolates herself, put her hands around him. Oh my god, I was just beyond happy to see that. I started taking beautiful pictures and videos of that once-in-a-lifetime moment and luckily I was able to capture those precious moments on camera We could not have asked for more from Maa. Then we meet Vinukaka, Sarojmasi, Rajumama. Daksheshmama and many others after a long time And food was Amazing, it was so tasty. After having prasad, we left and reached home around 1:30 am. But we were not tired at all. We were just so happy. It was the most perfect day. Thanks to Maa for this beautiful day of Satsang.

**–Shri Vivek Dave**

**(U.S.A)**